# ગુરુકુળ મહિલા કોલેજમાં નિવૃત થતા તથા બદલી થતા અધ્યાપકશ્રીઓનો વિદાય સન્માન સમારંભ યોજાયો.

રાજરત્ન શ્રેષ્ઠીશ્રી નાનજીભાઈ કાલીદાસ મહેતા ટ્રસ્ટ સંચાલિત ગુરુકુળ મહિલા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજમાં એક અનોખો વિદાય સમારંભ કાર્યક્રમ સંપન્ન થયો. આ વિદાય સમારંભ કોલેજના પ્રાથના મંદિરમાં ભવ્યરીતે યોજાયો. કોલેજના હોમસાયન્સ વિભાગના અધ્યક્ષા અને વરિષ્ઠ અધ્યાપક ડૉ. જયશ્રીબેન બારોટ વયમર્યાદાને લીધે નિવૃત થતા અને હિન્દી વિભાગના સંનિષ્ઠઅધ્યાપક ડૉ. મનહરભાઈ ગોસ્વામી ભાવનગર યુનિવર્સીટીની શામળાદાસ કોલેજના પી.જી.વિભાગમાં બદલી થતા આ બન્ને અધ્યાપકોનું વિદાયસન્માન કરવામાં આવેલું. આ સમારંભની વિશેષતા એ હતી કે આ અધ્યાપકોને બિરદાવવા કોલેજના પ્રી. શ્રી. ડૉ. અનુપમભાઈ નાગર સાહેબની અધ્યક્ષતામાં નિવૃત થતા અને વિદાય લેતા અધ્યપકોના પરિવારજનો, સર્વે અધ્યાપકો, અને સમગ્ર કોલેજની વિદ્યાર્થીનીઓની ઉપસ્થિતિમાં ભવ્યરીતે સન્માનીત કરવામાં આવેલા. કાર્યક્રમની શુભશરૂઆત પ્રાર્થનાથી કરવામાં આવેલી.શાબ્દિક સ્વાગત હિન્દી વિભાગના અધ્યક્ષા ડૉ. શાંતિબેન મોઢવાડીયાએ કરેલું. કોલેજના સ્ટાફ પરિવાર વતી સંસ્થાના વડા પ્રી.શ્રી.ડૉ. નાગર સાહેબના વરદ હસ્તે સાદાત્રણ દાયકા સુધી સનિષ્ઠ સેવા આપનાર ડૉ. જયશ્રીબેન બારોટને સ્મૃતિચિહ્ન, ઉષ્માવસ્ત્ર અને પુષ્પગુચ્છ અર્પણ કરી સન્માનિત કરવામાં આવેલા, તેમજ ચૌદ-વર્ષથી સનિષ્ઠ સેવા કરનાર હિન્દી વિભાગના ડૉ.મનહરભાઈ ગોસ્વામીને પણ સ્મૃતીચિહ્ન, ઉષ્માવસ્ત્ર અને પુષ્પગુચ્છથી સન્માનિત કરવામાં આવેલા.

કોલેજના કોમર્સ વિભાગવતી ડૉ. જયેશભાઈ ભટ્ટે આ બન્ને અધ્યાપકો સાથેના તેમનાં સંસ્મરણો વાગોળ્યા હતા. એવીજ રીતે હિન્દી વિભાગના અધ્યક્ષા ડૉ. શાંતિબેન મોઢવાડીયાએ તેમની આગવી શૈલીમાં પોતાનાં સંસ્મરણોને મનનીય રીતે વાગોળી સૌને અભીમૃત કર્યા હતા. હિન્દી વિભાગની કુ.હીના ગાધેર અને કુ.જયશ્રી લોઢારી અને હોમસાયન્સ વીભાગની કુ. મનીષા પાંડાવદરા, કુ. રેખા ખિસ્તરીયા, કુ જાનવી વાયા એપણ તેમની ગુરૂ પ્રત્યેની સંવેદના, ની સુંદર અભિવ્યક્તિ કરી હતી.

હોમસાયન્સ વિભાગના પ્રો. રોહિણીબા જાડેજાએ વિદાય લેતા બન્ને અધ્યાપકો સાથેની શૈક્ષણિકયાત્રાને તેમની આગવી વિશેષતાઓને તેમની લાગણીઓને ભાવવાહી શબ્દોદ્વારા સંસ્મરણોની અભિવ્યક્તિ કરી હતી. હોમસાયન્સ વિભાગમાંજ અભ્યાસ કરીને અધ્યાપક તરીકે તેમનાજ ગુરુ સાથેના લાંબા સમયગાળાના ગુરુ શિષ્યના સંસ્મરણોને ગુરુઋણ અને કૃત્સત્તાના અનન્ય ભાવ સાથે વ્યક્ત કર્યા હતા. તેમના ડૉ. મનહરભાઈ ગોસ્વામી સાથેના પારિવારીક અને સંસ્થાકીય સંબંધોને તાજા કર્યા હતા.

ડૉ.મનહરભાઈ ગોસ્વામીએ પોતાનાં પ્રતિભાવમાં ૧૪ વર્ષના કાર્યકાળ દરમ્યાન સંસ્થાના પ્રિન્સિપાલ સ્ટાફમિત્રો સાથેના તેમના અનુભવો, દરેકની ખૂબીઓ અને પ્રત્યેકની કાર્યશૈલીમાંથી તેમને કંઈક ને કંઈક શીખવા મળ્યું છે. તેમ કહી તેમને કહ્યું કે આ ભાથું મારા માટે સંભારણું બની રહેશે. તેમને કોલેજના પ્રિન્સિપાલશ્રી ને જણાવ્યું કે સૌથી ઓછો સમય જેમની સાથે રહેવા છતાં ઘણું શીખવા મળ્યું છે. તેમની કાર્ય કુશળતા, વહીવટી દક્ષતા, કર્તવ્ય નિષ્ઠાનો તેમના પર ખુબ જ પ્રભાવ પડ્યો છે.

ડૉ. જયશ્રીબેન બારોતે તેમના પ્રતિભાવોમાં તેમના સાડા ત્રણ દાયકા સુધીની તેમની યાત્રાના સર્વે સહભાગી અધ્યાપક મિત્રો પ્રિન્સિપાલશ્રીઓ તથા વિદ્યાર્થીનીઓ સાથેના અવિસ્મરણીય દિવસોને ખૂબ લાગણીસભર થઈ યાદ કર્યા હતા. અને જણાવ્યું કે મને આ સંસ્થા હમેશા મારો પરિવાર લાગ્યો છે. અને હૂ તેની સાથે લાગણીના બંધનો થી કદી મુક્ત થવાની નથી.

આ કાર્યક્રમના અંતે અધ્યક્ષ પ્રિન્સિપાલ શ્રી ડૉ.અનુપમભાઈ નાગર સાહેબે બન્ને અધ્યાપકોને ખૂબ બિરદાવ્યા અને ક્ષણે બન્ને અધ્યાપકોની વિશેષતાઓ, કાર્યનિષ્ઠા, ફરજ પ્રત્યેની સજાગતાની ખૂબ પ્રસંશા કરી, અધ્યાપકના સન્માન માટે સભામાં ઉપસ્થિત સર્વે ઉભા થઈ તાળીઓથી નવાજવામાં આવ્યા હતા. આ ક્ષણે વિદ્યાર્થીનીઓ અને અધ્યાપકોને ખૂબ પ્રસન્નતા અને ગૌરવનો અનુભવ થયો હતો.

આ સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવાનો શ્રેય કોલેજના પ્રિન્સિપાલશ્રી ડૉ.નાગર સાહેબ ના ફાળે જાય છે. તેઓશ્રીના માર્ગદર્શન અને પ્રેરણાથી આ ભવ્ય કાર્યક્રમનું આયોજન થઈ શક્યું.

આ કાર્યક્રમ હોમ સાયન્સ વિભાગ અને હિન્દી વિભાગના સયુંકત ઉપક્રમે યોજવામાં આવેલ. પ્રો.રોહીનીબા જાડેજા, પ્રો.શોભાનાબેન વાળા, ડૉ.શાંતિબેન મોઢવાડિયા અને સર્વ વિદ્યાર્થીનીઓએ કાર્યક્રમને સફળ બનાવવા જહેમત ઉઠાવેલી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન અને આભાર દર્શન પ્રો.શોભનાબેન વાળાએ કરેલું.

# ગુરુકુળ મહિલા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ – પોરબંદર

મતદાર સાક્ષરતા કલબ-ગુરુકુળ મહિલા કોલેજ, પોરબંદર દ્વારા મતદાર જાગૃતિ કાર્યક્રમ સંપન.

ઉચ્ચશિક્ષણના મહત્વનાં તબક્કા દરમ્યાન વિદ્યાર્થીનીઓ ભારતની લોકશાહિ શાસન પ્રણાલિમાં મતદાન ના મહત્વ ને સમજે અને એક સ્વસ્થ શાસન વ્યવસ્થામાં પોતાનું આગવું યોગદાન પૂરૂં પડે તે માટે સતત પ્રયત્નશીલ ગુરુકુળ મહિલા કોલેજમાં એન.એસ.એસ.અને મતદાર સાક્ષરતા કલબના ઉપક્રમે મતદાન જાગૃતિ કાર્યક્રમ આજ રોજ સંપન્ન થયેલો. આ કાર્યક્રમમાં પોરબંદરજિલ્લા નાયબ ચુટણી અધિકારી શ્રી ચૌધરી સાહેબ તથા જિલ્લા શિક્ષણઅધિકારીના મદદનીશ નોડલ ઓફિસર શ્રી શૈલેષ પરમાર ખાસ ઉપસ્થિત રહેલા.

કાર્યક્રમની શરૂઆતમાં વિદ્યાર્થીનીઓએ ચુંટણી પંચ દ્વારા મતદાન જાગૃતિ માટે આપવામાં આવેલી વિવિધ રમતો રમેલી જેમાં સાપ-સીડી,લૂડો અને ભૂલ-ભૂલામણી મુખ્ય રમત હતી. દરેક રમતમાં ચોક્કસ જગ્યાએ મતદારને ખ્યાલ આવી શકે તેવી વિવિધ સુત્રો-વિવિધ ફોર્મ ની વિગતો આપવામાં આવેલી હોય, દરેક પડાવ પર પહોંચી રમનાર વિદ્યાર્થીનીએ એ વિગતો ઉંચા સ્વરમાં બોલી હાજર રહેલી અન્ય વિદ્યાર્થીનીઓને માહિતી પુરી પાડેલી, અંતમાં નાયબ ચૂંટણી અધિકારીશ્રી ચૌધરી સાહેબે વિદ્યાર્થીનીઓને મતદાર સાક્ષરતા કલબના હેતુની માહિતી આપેલી અને મતદાર તરીકે મળતા વિવિધ હકો અને ફરજોથી વાકેફ કરેલા, તેઓશ્રીએ વિદ્યાર્થીનીઓ દ્વારા રમાયેલી મતદાન જાગૃતિની વિવિધ રમતોમાં દાખવેલા ઉત્સાહની પણ પ્રસંશા કરેલી.

સમગ્ર કાર્યક્રમને કોલેજમાં સફળતા પૂર્વક આયોજન કરવા માટે સંસ્થાના પ્રીન્ચીપાલ ડો. અનુપમભાઈ નાગરે પ્રેરણા, પ્રોત્સાહન પુરા પાડેલા, વિદ્યાર્થીનીઓને મતદાન લક્ષી વિવિધ રમતો માટે માર્ગદર્શન પ્રા.ડો.ઉષાબેન મકવાણાએ પુરૂ પાડેલું અને કાર્યક્રમને સફળ બનાવવા એન.એન.એસ. પ્રોગ્રામ ઓફિસર ડો. શર્મિસ્થા પટેલ તથા કેમ્પસ એમ્બેસેડર કુ. નીલમ ખુંટી, કુ. સેજલ કેશવાલા અને કુ. કીંજલ વીસાણાએ મહેનત કરેલી અને કાર્યક્રમનું સંકલન પ્રો. ડો. નયન ટાંક દ્વારા કરવામાં આવેલું અને કોલેજના એન.એસ.એસ. વિભાગની તમામ વિદ્યાર્થીનીઓએ હાજર રહિ કાર્યક્રમ માણેલો.

## ગુરૂકુળ મહિલા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ – પોરબંદર
## સાડીડે ઉજવણી

રાજરત્ન શ્રેષ્ઠીશ્રી નાનજીભાઈ કાલિદાસ મહેતા ટ્રસ્ટ સંચાલિત ગુરૂકુળ મહિલા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ માં સાડી પરિધાન દિવસ એટલેકે " સાડીડે " ઉજવાયો. આ કાર્યક્રમનું આયોજન કોલેજમાં ચાલતી કલાસમિતિ અંર્તગત કરવામાં આવેલું.

ભારતીય સંસ્કૃતિ અને પરંપરાની પ્રતિક સમી સાડી નારીની ભારતીય ઓળખ પ્રદર્શિત કરે છે.આજની યુવાપેઢી પાશ્ચાત્ય પરિધાન તરફ વધુ આર્કષાય છે, ત્યારે સાડી પ્રત્યેનુ આકર્ષણ અને ભારતીય પરંપરા અને સંસ્કૃતિના જતનના હેતુથી આ કાર્યક્રમ નું આયોજન કરવામાં આવેલું. સમગ્ર કોલેજની દીકરીઓ સુંદર પરંપરાગત પ્રાંતીય સાડીઓમાં સજ્જ થઈ હતી. આ સાથે જ એક શીઘ્ર સાડી પરિધાન સ્પર્ધાનું આયોજન પણ કરવામાં આવેલું, જેમાં કોલેજની લગભગ ૩૫ દીકરીઓએ ઉત્સાહ પૂર્વક ભાગ લીધેલો. ભાગ લેનાર દીકરીઓએ સ્ટેજ પર સુંદર રેમ્પ વોક કરી, આધુનિક ભારતીય નારી ને પ્રદર્શિત કરી હતી, સાથે સાથે વિદ્યાર્થીનીઓના ઉત્સાહને ધ્યાનમાં લઈ કોલેજના કર્મઠ પ્રિ. શ્રી અનુપમભાઈ નાગરે ભાગ લેનાર દીકરીઓને ખુબ પ્રોત્સાહિત કરી હતી.

સાદી પરિધાન સ્પર્ધામાં પાંચ બહેનોને વિજેતા જાહેર કરવામાં આવેલ હતા. જેમાં પ્રથમ ક્રમે કુ. દિક્ષીતા વી. મહેતા(T.Y.B.Com.) દ્વિતીય ક્રમે કુ. સોનલ ડી.ડોડિયા (S.Y.B.A.), તથા તૃતીય ક્રમે કુ. નેહા વી.પંડ્યા(S.Y.B.Com.) ચતુર્થ ક્રમે કુ. રાધા એચ.સોનેરી (T.Y.B.A.) અને પાંચમાં ક્રમે કુ. મનીષા ડી. સાદીયા (T.Y.B.A.) ને ઘોષિત કરેલા.

કાર્યક્રમ સંગીત ની સૂરાવલી સાથે ખુબ ઉત્સાહથી ઉજવાયો. સમગ્ર કાર્યક્રમ નું આયોજન અને સંચાલન કલાસમિતિના અધ્યક્ષા ડૉ. કેતકીબેન પંડ્યા, સભ્ય શ્રી, પ્રો. રોહીણીબા જાડેજા, અને પ્રો. શોભનાબેન વાળાએ કરેલું. કાર્યક્રમ ને સફળ બનાવવા કોલેજની વિદ્યાર્થીની પ્રતિનિધિઓ કુ. અદિતી દવે અને કુ. રાધા સોનેરીએ અને કુ. નિધિ ભુતિયાએ જહેમત ઉઠાવેલી.

સ્પર્ધામાં વિજેતા થનાર વિદ્યાર્થીની બહેનોને કોલેજના પ્રિ. શ્રી અનુપમભાઈ નાગર દ્વારા અભિનંદન અને પ્રોત્સાહન આપવામાં આવેલું.

# ગુરૂકુળ મહિલા આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ – પોરબંદર

ગુરુકુળ મહિલા કોલેજ –પોરબંદરમાં " ઉદિશા " અંતગર્ત રોજગાર વિનીમય કચેરી દ્વારા કારકિર્દી માર્ગદર્શન કાર્યક્રમ સંપન:

ઉચ્ચશિક્ષણ દરમ્યાન વિદ્યાર્થીનીઓ વૈશ્વિક ફલકમાં પોતાની કાર્યક્ષમતા પુરવાર કરી શકે તે માટે સતત પ્રયત્નશીલ પોરબંદર જિલ્લાની ગુરુકુળ મહિલા કોલેજનાં " ઉદિશા " ચેપ્ટર દ્વારા રોજગાર વિનિમય કચેરીના સહયોગથી કારકિર્દી માર્ગદર્શન કાર્યક્રમ સપન્ન થયો. જેમાં શ્રી ચીરાગભાઈ દવે અને શ્રી હિતેશભાઈ વાઢીયાએ ઉપસ્થિત રહી સવિસ્તાર રેઝ્યુમ તથા કરીક્યુલમ વિટાની જરૂરીયાત અને ઈન્ટરનવ્યુ દરમ્યાન યાદ રાખવાની જરૂરી બાબતો પર પાવર પોઈન્ટ પ્રેજન્ટેસન દ્વારા સચોટ માર્ગદર્શન પૂરું પાડેલું.

કાર્યક્રમ ન શરુઆત માં " ઉદિસા " કોલેજ ચેપ્ટર ના convener ડો.જયેશભાઈ ભટ્ટે કારકિર્દીના વિકાસમાં સ્વ નું પ્રેજન્ટેસન કેટલું અગત્યનું છે અને તે માટે રેઝ્યુમ તથા કરીક્યુલમ વિટાની ઉપયોગીતા પર પ્રકાશ પાડી ઉપસ્થિત મહાનુભાવોનું સ્વાગત કરેલું. ત્યારબાદ શ્રી ચિરાગભાઈએ રેઝ્યુમ તથા કરીક્યુલમ વિટા વચ્ચેનો ભેદ સ્પષ્ટ કરેલો અને તેમણે બનાવતી વખતે ધ્યાનમાં રાખવાની નાનામાં નાની બાબતોની પાવર પોઈન્ટ પ્રેજન્ટેસન દ્વારા સમજણ આપેલી અને રેઝ્યુમ/સી.વી. એ વ્યક્તિત્વનો અરીસો હોય, તે બનાવતી વખતે કઈ કઈ બાબતો કાળજીપુર્વક બતાવવી તથા ક્યા ક્યા ફોન્ટમાં બનાવવી વિગેરેની વિસ્તુત ચર્ચા કરેલી. ત્યારબાદ ઈન્ટરવ્યુ સફળ થવા માટે કઈ રીતે આત્મવિશ્વાસ વધારવો, આઈ-કોન્ટેક્ટ પ્રસ્થાપિત કરવો, ડ્રેસ કોડ, આવશ્યક બાબતોનું તલસ્પર્શી જ્ઞાન, કઈ રીતે જવાબ આપવા વિગેરે બાબતોની રસપ્રદ રજૂઆત કરેલી.

વિદ્યાર્થીનીઓની કારકિર્દીમાં અતિ ઉપયોગી થાય તે પ્રકારનાં ઉદીશાના આ કાર્યક્રમનું સફળ આયોજન કરવા માટે સંસ્થાના પ્રિન્સિપાલ ડો. અનુપમભાઈ નાગરે પ્રેરણા અને પ્રોત્સાહન પૂરા પાડેલા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રા. ડો. નયન ટાંક દ્વારા કરવામાં આવેલું અને શ્રી અરવિંદ રાવલીયાએ સહકાર પૂરો પાડેલો. કોલેજની વિદ્યાર્થીનીઓએ ઉત્સાહભેર આ કાર્યક્રમમાં ભાગ લીધેલો.

ગુરુકુલ મહિલા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ પોરબંદરમાં ઈ ટેબલેટ વિતરણનો કાર્યક્રમ યોજાયો

**શ્રેષ્ઠી નાનજીભાઈ કાલિદાસ મહેતા આર્યકન્યા વિદ્યાલય ટ્રસ્ટ સંચાલિત ગુરુકુલ મહિલા કોલેજમાં તા. ૨૯/૧૧/૨૦૧૮નાં રોજ ઈ** ટેબલેટ વિતરણનો કાર્યક્રમ યોજાયો. આ કાર્યક્રમ અંતર્ગત ટેબલેટનાં ઉપયોગ વિશે પ્રાસંગિક ઉદબોધન આપતા કોલેજના પ્રિન્સિપાલ ડો. નાગર સાહેબે કહ્યું હતું કે રાષ્ટ્રની વિચારધારા છે કે તકનિકી સાધનોનો બખૂબી ઉપયોગ કરવો જોઈએ ઈન્ફોર્મેશન ટેકનોલોજીના આ યુગમાં નેક પણ આઈ સી ટી નો ઉપયોગ કરવાનો અનુદોધ કરે છે ત્યારે આ ટેબલેટ વિદ્યાર્થીને ઉચ્ચતર અભ્યાસમાં કઈ રીતે ઉપયોગી બની રહેશે એ અંગેની જાણકારી આપી હતી. તેમણે કાગળને સ્થાને ટેબલેટનો ઉપયોગ કરી  પર્યાવરણને બચાવમાં પોતાના યોગદાન આપવાની હિમાયત કરી હતી. કાર્યક્રમનું આયોજન ડો. ઉષાબેન મકવાણાએ પ્રિન્સિપાલ ડો. નાગર સાહેબના માર્ગદર્શન નીચે કરેલ હતું.

## ગુરૂકુલ મહિલા કોલેજમાં વેલ્યુ એજયુકેશન કોર્ષનો શુભારંભ

સાત–સાત દાયકાથી મહિલા કેળવણીમાં અગ્રસર શ્રેષ્ઠીશ્રી નાનજી કાલિદાસ આર્યકન્યા ગુરૂકુલ ટ્રસ્ટ સંચાલિત ગુરૂકુલ મહિલા કોલજમાં આધુનિક સમયની માંગ મુજબ વિધાર્થીની બહેનોના સંપૂર્ણ વિકાસના ભાગ રૂપે 'વેલ્યુ એજયુકેશન' શોટ ટર્મ કોર્ષનો પ્રારંભ કરવામાં આવ્યો. રામકૃષ્ણ મીશન, પોરબંદરના સ્વામીશ્રી આત્મદીપાનંદ મહારાજ, કોલેજના પ્રિન્સિપાલ શ્રી ડો.નાગરસર તથા કોર્ષ કોર્ડીનેટર ડો.મનહર ગોસ્વામી તથા કોલેજ છાત્રાઓની ઉપસ્થિતિમાં દીપ પ્રાગ્ટય કરીને કોર્ષનું ઉદઘાટન કરવામાં આવ્યુ હતુ. સ્વાગત પ્રવચનમાં ડો.નાગર સરે આધુનિક યુગમાં 'વેલ્યુ એજયુકેશન' નું મહત્વ સમજાવ્યુ હતુ. સ્વામી આત્મદીપાનંદજીએ વેલ્યુ એજયુકેશનનો અર્થ, પરીભાષા અને સ્વરૂપ વિશે વિસ્તૃત ચર્ચા કરી તેની જરૂરીયાત સમજાવી હતી.

## ગુરૂકુલ મહિલા કોલેજમાં 'ઈકો કલબ' નો પ્રારંભ

મહિલા કોલેજના પ્રગતિશીલ પ્રિ.ડો.નાગર સરની આગેવાની તથા માર્ગદર્શન હેઠળ કોલેજ છાત્રાઓને પ્રકૃતિ તથા પર્યાવરણની માહિતી, માર્ગદર્શન તથા સક્રિય ભાગીદારી માટે 'ઈકો કલબ' ની સ્થાપના કરવામાં આવી. આ કાર્યક્રમ અંતર્ગત ગુરૂકુલ મહિલા કોલેજતથા 'પ્રકૃતિ ધ યુથ' સંસ્થા વચ્ચે એમ.ઓ.યુ. કરવામાં આવેલ. ઉદઘાટન કાર્યક્રમમાં પ્રિન્સિપાલ ડો.નાગર સર, ડો.નૂતનબેન ગોકાણી, પ્રા.શોભનાબેન વાળા તથા ડો.મનહર ગોસ્વામી ધ્વારા દીપ પ્રાગ્ટય કરીને શુભારંભ થયો. પ્રાસંગીક પ્રવચનમાં ડો.નાગર સરે, પ્રકૃતિ તથા પર્યાવરણ સુરક્ષા અંગે ચિંતા વ્યકત કરતા બહેનોને જાગૃતિ પૂર્વક આ અભિયાનમાં જોડાવા અપીલ કરી હતી. ડો.નૂતનબેન ગોકાણીએ 'પ્રકૃતિ ધ યુથ સંસ્થાનો પરીચય આપી તેની પ્રવૃતિઓથી બહેનોને પરિચિત કર્યા હતા. તેમજ બન્ને સંસ્થાઓ મળી આગામી દિવસોમાં પર્યાવરણ જાગૃતિ અંગે ઘણુ બધુ કરી શકશે તેવો આશાવાદ વ્યકત કર્યો હતો.

## ગુરૂકુલ મહિલા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજમાં ક્રીસમસ વીકની ઉજવણી

શ્રેષ્ઠીશ્રી નાનજીભાઈ કાલિદાસ મહેતા દ્વારા સ્થાપિત ગુરૂકુલ મહિલા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજના અંગ્રેજી વિભાગ ધ્વારા 'ક્રીસમસ વીક' ની ઉજવણી કરવામાં આવેલી. જેમાં અંગ્રેજી વિભાગની સેમ–૨,૪ અને ૬ ની વિધાર્થીનીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધેલો. આ વીક અંતર્ગત તા.૨૨–૧૨–૨૦૧૮ ના રોજ ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટીની અંગ્રેજી વિભાગની મુલાકાત બી.એ.સેમેસ્ટર–૬ ની વિધાર્થીનીઓએ લીધેલી. ત્યારબાદ વિભાગીય વિવિધ સ્પર્ધાઓનો ઉદઘાટન સમારોહ તેમજ નાતાલની ઉજવણી તા.૨૪–૧૨–૨૦૧૮ ના રોજ કરવામાં આવેલ. વિધાર્થીનીઓએ ક્રીસમસ કેરોલ્સ ગાયેલાં, વેલકમ સોંગ તેમજ ડાન્સ ધ્વારા માહોલને કૃષ્ણ જન્મની જેમ જ આનંદસભર બનાવેલ. કોલેજના પ્રિન્સિપાલ ડો.નાગરે વિધાર્થીનીઓના ઉત્સાહ માટે અભિનંદન પાઠવી આજના જમાનામાં અગ્રેજી ભાષાનું મહત્વ સમજાય એવા ઉદેશ્યથી આવા કાર્યક્રમોનું આયોજન  વિધાર્થીનીઓ માટે આવશ્યક છે અને વિધાર્થીનીઓમાં જીજ્ઞાસા, ધીરજ, નેતૃત્વ કલા અને એકાગ્રતા જેવા ગુણો જરૂરી છે એવુ સમજાવેલું. આ ઉદઘાટન સમારોહના મુખ્ય અતિથિ ડો.હરિનબેન મજીઠીયા રહેલા જેઓ આ કોલેજના સીનીયર પ્રોફેસર તેમજ હેડ ઓફ ધી ડિપાર્ટમેન્ટ રહી ચૂકેલા છે.  એમણે પોતાના ઉદબોધનમાં જણાવ્યુ હતુ કે, જીવન સંઘર્ષથી ભરેલુ છે અને દરેક વ્યકિતએ પોતાની લડાઈ ખુદ લડવી પડે છે. વિધાર્થીએ પણ ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરવા અથાગ મહેનત, શીસ્ત અને વિવેકની તાલિમ લેવી પડે છે. આવા સુંદર આયોજન બદલ ડો.મજીઠીયાએ પ્રિન્સિપાલ શ્રી ડો.અનુપમભાઈ નાગરને તેમજ વિભાગના પ્રોફેસરો ડો.કેતકીબેન પંડયા અને ડો.નયનભાઈ ટાંક ને અભિનંદન પાઠવ્યા હતા. કોલેજના ઈતિહાસમાં આ પ્રકારની પ્રજમ ઉજવણી હતી.

ક્રીસમસ વીકની ઉજવણી અંતર્ગત કવીઝ કોમ્પીટીશનનું આયોજન તા.૨૬–૧૨–૧૮ ના રોજ થયેલુ. જેનું સંચાલન ડો.નયનભાઈ ટાંકે કરેલુ. જેમાં ઈલીયટ ગ્રુપ વિજેતા બનેલુ. જેમાં કુ.નિધિ ભુતિયા(સેમ–૬) , કુ.અદિતિ દવે(સેમ–૪) અને કુ.વૈભવી તેરૈયા(સેમ–૨)એ સ્પર્ધા જીતી હતી. તા.૨૭–૧૨–૧૮ ના રોજ પોએટ્રી રેસીટેશન કોમ્પીટીશનનું આયોજન થયેલુ. જેમાં ડો. કેતકીબેન પંડયાએ જજમેન્ટ આપેલુ અને કુ.શિવાની કણજારીયા(સેમ–૬) પ્રથમ વિજેતા, કુ.અદિતિ દવે(સેમ–૪) ધ્વિતિય વિજેતા અને કુ.રિધ્ધિ વારા (સેમ–૨) તૃતિય વિજેતા ઘોષીત થયેલા. ડો.હરીનબેન મજીઠીયાએ ટ્રેઝરહંટ રમત રમાડેલી અને વિજેતાઓને કિંમતી ગીફટ આપેલી. તા.૨૮–૧૨–૧૮ ના રોજ ન્યુઝ રીડીંગ કોમ્પીટીશનનું આયોજન થયેલુ. જેનું સંચાલન ડો.કેતકીબેન પંડયાએ અને જજમેન્ટ ડો.નયનભાઈ ટાંક તેમજ ડો.મનહરભાઈ ગોસ્વામીએ કરેલું. આ સ્પર્ધાના પ્રથમ વિજેતા કુ.શિવાની કણજારીયા(સેમ–૬)  અને કુ.અદિતિ દવે(સેમ–૪) ધ્વિતિય વિજેતા, કુ.દિપાલી રુઘાણી (બી.કોમ સેમ–૬) તેમજ તૃતિય વિજેતા કુ.સાક્ષીબા જાડેજા અને કુ.રિધ્ધી મોઢવાડીયા જાહેર થયેલા.

ક્રીસમસ વીકની કલોઝિંગ સેરેમની તા.૨૯–૧૨–૧૮ ના રોજ આયોજીત કરવામાં આવેલી જેના મુખ્ય અતિથિ હતા, રિસ્પેકટેડ ફાધર જર્યોજ કોચરે, જેઓ હાલમાં સેંટ જોસેફ સ્કુલના કર્તાધર્તા છે. વિધાર્થીનીઓને ક્રિસ્ટોફર માર્લોના નાટક 'ડોકટર ફોસ્ટસની રોચક પ્રસ્તૃતિ કરેલી ઉપરાંત 'થેન્ક યુ, લોર્ડ 'ગ્રુપ ડાન્સની પ્રસ્તૃતિ  સેમ–૪ની વિધાર્થીનીઓએ કરેલી. તો વળી સેમ–૬ ની વિધાર્થીનીઓએ 'લેટસ પ્લે ગરબા' ની સુંદર પ્રસ્તૃતિ કરેલી. કુ.અદિતિ દવેએ 'ધ ભગવત ગીતાએન્ડ ધ બાઈબલ' વિષય પરનું તુલનાત્મક અધ્યન પોતાની છટાદાર સ્પીચમાં વર્ણવેલુ. વિભાગના પ્રોફેસરોએ વીકના પ્રથમ અને અંતિમ દિવસે અતિથિઓનું સ્વાગત કરેલું. તેમજ વિભાગીય પ્રવૃતિઓનો રીપોર્ટ આપેલો. પ્રિ.ડો.નાગરે પોતાના વકતવ્યમાં ક્રાઈસ્ટના સદગુણોનું અનુસરણ જરૂરી છે એવુ જણાવી વિધાર્થીનીઓને વિવિધ પ્રવૃતિઓમાં ભાગ લેવા બદલ અભિનંદન પાઠવેલા અને ચાર મુદા સમજાવેલા,–૧ ફોલો ધ માસ્ટર, ૨ ફાઈટ ધ ડેવીલ, ૩, ફાઈટ ટુ ધ એન્ડ અને ૪ ફિનીશ ધ ગેમ.

અંતે ફાધર જયોર્જ કોચરેએ પોતાના વકતવ્યમાં જણાવ્યુ કે, ડો.નાગર ડોન બોસ્કો સ્કુલ, ઈમ્ફાલમાં ભણેલા અને ડો.મજીઠીયા સેન્ટ ફાતિમા સ્કુલ, ભાવનગરમાં ભણેલા જે આ કોલેજના વિધાર્થીનીઓ માટે નોંધ લેવા જેવી બાબત છે કેમ કે, આવા શિક્ષકોમાં પ્રામાણીકતા, નિષ્ઠા, સદાચાર, સમર્પણ અને વિવેક જેવા ગુણો છે જે વિધાર્થીનીઓએ  પોતાના લક્ષ્યની પ્રાપ્તિ માટે પોતાના જીવનમાં ઉતારવા જરૂરી છે. એમણે કોલેજના ટ્રસ્ટીશ્રીઓનો તેમજ પ્રિન્સિપાલશ્રીનો આ તકે આભાર માનેલો. ત્યારબાદ કુ.ઉર્વિ મોઢાએ આભાર દર્શન કરેલું. આ ક્રીસમસ વીકની ઉજવણી માટે વિભાગના ડો.કેતકીબેન પંડયા, ડો.નયનભાઈ ટાંક અને કુ.ઉર્વિબેન મોઢાએ જહેમત ઉઠાવેલી.

# ગુરૂકુલ મહિલા કોલેજમાં પોરબંદર પંથકની લોકસંસ્કૃતિ વિષય પર સેમીનાર યોજાયો

ગુરૂકુલ મહિલા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ પોરબંદર ખાતે તા.૫–૧–૨૦૧૯ ના રોજ પોરબંદર પંથકની લોકસંસ્કૃતિ વિષય પર જિલ્લા કક્ષાનો એક દિવસીય સેમીનાર યોજાયા. આ સેમિનારમાં અધ્યક્ષ અને વકતાવિશેષ તરીકે બોસમિયા કોલેજ જેતપુરના ગુજરાતી વિભાગના પ્રો.ડો.ભીમજીભાઈ ખાચરિયાસાહેબ ઉપસ્થિત રહી પોતાના જ્ઞાનસભર વકતવ્યથી સભાને રસતરબોળ કરેલ. ખાચરિયા સાહેબે લોકસંસ્કૃતિની વાત કરતા પહેલા પોરબંદર પંથકના લોક સાહિત્યકાર, લોકસંગીતકાર, ભજનીક તથા સુદામા અને ગાંધીજીને યાદ કર્યા હતા.

ડો.ખાચરિયાસાહેબે પોતાના વકતવ્યમાં લોકગીત, લગ્નગીત, હાલરડા, મરસિયા, ભજન વગેરેમાં લોકસંસ્કૃતિને જીવંત રીતે રજૂ કરી શ્રોતાઓને મંત્રમુગ્ધ કરી દીધા હતા. પોતાની આગવી શૈલી દ્વારા લોકસંસ્કૃતિનું ગહન ચિંતન મનન કર્યુ. જેમાં તેઓનો લોકસંસ્કૃતિ પ્રત્યેનો પ્રેમ, લોકસાહિત્ય લેખનનો અનુભવ તથા લોકસાહિત્યના અધ્યયન કાર્યની ઝલક જોવા મળી તથા વિધાર્થીઓને લોકસંસ્કૃતિની જાળવણી માટે વ્યાખ્યાન આપેલું. આ સેમીનારમાં રીસોર્સ પર્સન તરીકે પોપટભાઈ ખુંટી તથા પુષ્પાબેન જોશીએ પોતાની શૈલીમાં સંસ્કૃતિની આવશ્યકતા વિશે સુંદર વાત રજૂ કરી તેઓના વ્યાખ્યાનમાં પણ ગહન, અધ્યયનની ઝલક સાથે આજની વાસ્તવિકતાનો ચિતાર જોવા મળ્યો હતો. પુષ્પાબેન જોશીએ વિધાર્થીઓએ રજુ કરેલા પેપરમાં અલગ અલગ વિષયોની વાત સાથે લગ્નગીતો અને લોકગીતોમાં જોવા મળતી મર્યાદા સમાજ વ્યવસ્થા, કુટુંબ ભાવના વગેરેના ગેયતા ધ્વારા વ્યકત કરેલ.

આ સેમિનારમાં પોરબંદર જીલ્લાની જુદી–જુદી કોલેજોમાંથી (૫૨ /બાવન) જેટલા વિધાર્થી ભાઈઓ તથા બહેનોએ પેપર રજુ કરેલ. વિધાર્થીઓએ પણ લોકસંસ્કૃતિના અલગ–અલગ પાસા જેવા કે પોરબંદર પંથકના લોકસ્થાનકો, પર્યટક સ્થળો, મેળા, પોરબંદરનો ઈતિહાસ, લોકગીત, લગ્નગીત વગેરે વિષયો પર પોતાના પેપર પ્રેઝન્ટેશન કરેલ.

કોલેજના પ્રિન્સિપાલ શ્રી ડો.નાગર સાહેબે લોકસંસ્કૃતિનું મહત્વ બતાવી, સંસ્કૃતિની જીવંતતા વિશે વાત રજૂ કરેલ. રીસર્ચ કમિટીના અધ્યક્ષ ડો.શાંતિબેન મોઢવાડીયાએ સ્વાગત પ્રવચન કર્યુ તથા સેમિનારને સફળ બનાવવા પ્રત્યન કરેલો. ડો.ઉષાબેન મકવાણાએ પોતાની આગવી શૈલીમાં ખાંચરીયા સાહેબનો પરિચય આપ્યો તથા અંતમાં આભાર દર્શન કરેલ. ડો.મનહરભાઈ ગોસ્વામીએ વિષય પ્રવકતા તરીકે સેશનની સુંદર શરૂઆત કરી તથા આ સેમીનારને સફળ બનાવવા કોલેજના પ્રિન્સિપાલ ડો.અનુપમ આર.નાગર, હિન્દી વિભાગના અધ્યક્ષા ડો.શાંતિબેન મોઢવાડીયા, પ્રા.ડો.મનહરભાઈ ગોસ્વામી તથા ડો.ઉષાબેન મકવાણાએ જહેમત ઉઠાવી હતી. સેમીનારનું સફળ સંચાલન કુ.અદિતિ દવેએ કર્યુ હતુ. તથા સેમીનારને સફળ બનાવવા માટે સર્વે અધ્યાપક મિત્રોનો સુંદર સહયોગ મળેલ તથા વિધાર્થીની બહેનોએ પણ પોતથાની સુંદર કામગીરી કરી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

## ગુરૂકુલ મહિલા કોલેજ ખાતે 'અવર યુથ અવર ફયુચર' વિષય પર પરિસંવાદ યોજાયો

ઉચ્ચ શિક્ષણના અતિ મહત્વના તબ્બકકા દરમ્યાન વિધાર્થીનીઓના વ્યકિતત્વનું સશકત ઘડતર થાય તે માટે અવિરત પ્રત્યનશીલ એવી પોરબંદર પંથકની કન્યા કેળવણીમાં અગ્રેસર ગુરૂકુલ મહિલા કોલેજના ઉદિશા ચેપ્ટર ધ્વારા ધ યુવા પોરબંદર ડિસ્ટ્રીકટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝના માધ્યમથી 'અવર યુથ અવર ફયુચર' વિષય અંતર્ગત એક પરિસંવાદનું આયોજન સફળતા પૂર્વક યોજવામાં આવેલું. જેમાં જૂનાગઢની પ્રખ્યાત નોબલ ગ્રુપ ઓફ ઈન્સ્ટીટયુશનના યુવા ટ્રસ્ટી તથા 'મેન્ટોર' કોર્પોરેટ ટ્રનિંગ કન્સલ્ટન્સીના સ્થાપકશ્રી પાર્થ ગીરીશભાઈ કોટેચાએ ખાસ ઉપસ્થિત રહેલા.

પ્રેરણાત્મક કાર્યક્રમના પ્રારંભે સંસ્થાના આચાર્ય ડો.નાગર સાહેબ તથા સર્વે અધ્યાપક મિત્રોએ ઉપસ્થિત મહાનુભાવોનું સુતરની આંટીથી સ્વાગત કરેલું. ત્યારબાદ માત્ર બે વર્ષના ટુંકા ગાળામાં પોતાના ૫૬ માં સેમીનાર 'અવર યુથ અવર ફયુચર' વિષય પર વકતવ્ય આપતા શ્રી પાર્થ કોટેચાએ પોતાની લાક્ષણીક તથા હકારાત્મક શૈલીમાં સહજ રીતે ૫૦૦ જેટલી વિધાર્થીઓને સંબોધન કરેલું. તેઓના વકતવ્યનો સૂર જીવનપયોગી સૂચનો સાથે પ્રભાવી રહયો. તેઓશ્રીએ વિધાર્થીનીઓને રોજ એક કલાક પરિવાર સાથે સંપૂર્ણ પણે પસાર કરવા જણાવ્યુ. જેથી પરિવાની હુંફ અને સંવેદના ચેતનવંતી બની રહે, તો પોતાના આત્માના અવાજને જ અનુસરી જીવનમાં નિર્ણયો લેવા અનુરોધ કરેલો. તેઓશ્રીએ શાળા તથા શિક્ષણના ઋુણને સદા યાદ રાખવા અને પોતાના અહમને ત્યાગી અન્યને મળવાની પહેલ પોતાનાથી જ કરવી ની શીખ આપેલી. પોતાની કારકીર્દિ તથા વ્યકતિત્વના ઘડતરમાં આવનારા વિઘ્નોને સકારાત્મક ભાવથી ઉકેલવા તથા પોતાની જાતને નિંદા કે કુથલીમાં કયારેય સામેલ ન થવા પણ આ તબ્બકકે વિનંતી કરેલી. તેમના મતે જીવન શીખવા માટે છે, અને જો એ તક ચૂકી જવાય તો જીવન શીખવાડે છે. ત્યારે આજીવન વિધાર્થી બની સતત શીખતા રહેવા અપીલ કરેલી. અને સાથે ટેકનોલોજીના પ્રમાણગત ઉપયોગથી વિધાર્થીઓને પોતાની કારકીર્દિ સુસજજ બનાવવા આહવાન આપેલુ.

કાર્યક્રમને અંતે ધ યુવા ચેમ્બર ઓફ કોમર્સના સદસ્યો અને ગુરૂકુલ મહિલા કોલેજના પ્રિન્સિપાલ ડો.અનુપમ નાગર સાહેબના હસ્તે શ્રી પાર્થ કોટેચાને સન્માન અર્ઘયથી આવકારવામાં આવેલા. આ તબ્બકકે ડો.નાગર સાહેબે વિધાર્થીલક્ષી આ કાર્યક્રમને કોલેજ સુધી લાવવા માટે સાથ સહકાર આપનાર તથા નિમિત બનનાર યુવા ડિસ્ટ્રીક ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝના પ્રમુખ શ્રી ધવલ રાયચુરા, ઉપપ્રમુખશ્રી દેવાંગ હિંડોચા, સેક્રેટરીશ્રી આકાશ લાખાણી તથા અન્ય સદસ્યો શ્રી પ્રમોદ માવાણી, શ્રી પ્રકાશ રૈયારેલા, શ્રી મોહિલ ગોંદીયા, શ્રી કમેલેશ કોટેચા તથા શ્રી જવલંત છાયા તથા સમગ્ર ટીમને અભિનંદન પાઠવેલા. અને વિધાર્થીનીઓના વિકાસમાં સદા ગુરૂકુલ મહિલા કોલેજનો સાથ સહકાર મળશે જ એવો પ્રતિભાવ આપેલો. સમગ્ર કાર્યક્રમને ઉદિશા કોર્ડિનેટર ડો.જયેશભાઈ ભટટ તથા ડો.નયનભાઈ ટાંક ધ્વારા સંકલન અને સંચાલિત કરવામાં આવેલો. કાર્યક્રમને સફળ બનાવવા શ્રી અરવિંદ રાવલીયા તથા પ્રતિનિધિઓ કુ.રાધા સોનેરી, કુ.કિંજલ વિસાણા, કુ.દિપા ઓડેદરા, કુ.નિધિ ભુતિયા તથા કુ.કિંજલ રાણાવાયાએ જહેમત ઉઠાવેલી. આભાર વિધિ યુવા ચેમ્બર ઓફ કોમર્સના સેક્રેટરી શ્રી આકાશ લાખાણીએ કરેલી. આશરે ૫૦૦ થી વધુ વિધાર્થીનીઓ તથા સર્વ સ્ટાફ મેમ્બર્સ ધ્વારા કાર્યક્રમને ઉત્સાહથી સંવાદ સાથે માણવામાં આવેલો.

## ગુરૂકુલ મહિલા કોલેજમાં વિનયન વિધાશાખાની વિધાર્થીનીઓનું વાલી તથા ભૂતપૂર્વ વિધાર્થી સમેલન યોજાયુ

રાજરત્ન શ્રેષ્ઠીશ્રી નાનજીભાઈ કાલિદાસ મહેતા આર્ય કન્યા વિધાલય ટ્રસ્ટ સંચાલિત ગુરૂકુલ મહિલા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજમાં વાલી અને વિધાર્થી સમેલનનું આયોજન કરવામાં આવેલુ. આ સમેલનમાં આર્ટસ ફેકલ્ટીના ચાર વિભાગો અંગ્રેજી, હિન્દી, ગુજરાતી અને હોમસાયન્સ વિભાગની વિધાર્થીનીઓના વાલીશ્રીઓ અને એ વિભાગના ભૂતપૂર્વ વિધાર્થીઓના આ સમેલનનો ઉદેશ્ય એ હતો કે માતા–પિતા પોતાની દિકરીઓના ઉચ્ચ શિક્ષણ માટે જાગૃત બને તથા તેમના સર્વાંગી વિકાસ માટે કોલેજમાં અભ્યાસ ઉપરાંતની પ્રવૃતિઓથી વાકેફ થાય. અને વર્તમાન સમયમાં અભ્યાસ કરતી વિધાર્થીનીઓ તેમજ કોલેજની ભૂતપૂર્વ વિધાર્થીઓ વચ્ચે સેતુ રચાય તેવા હેતુથી કોલેજના પ્રિન્સિપાલ ડો.અનુપમ આર.નાગરના માર્ગદર્શન હેઠળ કલા સમિતિ ધ્વારા આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યુ હતુ.

પોરબંદરમાં શિક્ષણની સાથે સાથે સંસ્કારનું પણ સિંચન કરતી કન્યા કેળવણીમાં અગ્રેસર ગુરૂકુલ મહિલા કોલેજમાં વિનયન ફેકલ્ટીની વિધાર્થીનીઓ માટે વાલી અને ભૂતપૂર્વ વિધાર્થીનીઓનું સમેલનનું આયોજન કરવામાં આવ્યુ હતુ. આ સમેલન દરમ્યાન કોલેજની અંગ્રેજી, હિન્દી, ગુજરાતી અને હોમસાયન્સ વિભાગમાં અભ્યાસ કરતી વિધાર્થીનીઓના વાલીશ્રીઓ તથા આ કોલેજમાં અભ્યાસ કરી ચૂકેલી ભૂતપૂર્વ વિધાર્થીનીઓને આમંત્રીત કરવામાં આવ્યા હતા. વાલીશ્રીઓએ પણ આ આમંત્રણને લઈને બહોળો ઉત્સાહ દેખાડયો હતો અને મોટી સંખ્યામાં આ સમેલનમાં ઉપસ્થિત રહયા હતા. કાર્યક્રમનો પ્રારંભ ગુરૂકુલ પરંપરા મુજબ વેદ મંત્રગાનથી કરવામાં આવ્યો હતો. ત્યારબાદ આ સભાના અતિથિ વિશેષ શ્રી બાલુબા કન્યા વિધાલયના પ્રિન્સિપાલશ્રી અરૂણાબેન મારૂ ઉપસ્થિત રહયા હતા. આ કાર્યક્રમ બે ચરણોમાં યોજાયો હતો જેમાં પ્રથમ ચરણમાં એવોર્ડ વિતરણ કરવામાં આવ્યુ હતુ જેમાં ત્રણ કેટેગરીમાં વિધાર્થીનીઓને એવોર્ડ એનાયત કરવામાં આવ્યા હતા. મોસ્ટ રેગ્યુલર સ્ટુન્ડ ઓફ ધ યર બી.એ.સેમેસ્ટર–૬ અંગ્રેજી વિભાગની કુ.નિધિ કે.ભુતિયા, હિન્દી વિભાગની કુ.રાજશ્રી કે.મોઢા, ગુજરાતી વિભાગની કુ.કિરણ વી.કારેણા, હોમસાયન્સ વિભાગમાં કુ.રેખા આર.ખીસ્તરીયા તો અન્ય કેટેગરીમાં આઉટ સ્ટેન્ડીંગ સ્ટુડન્ટ ઓફ ધ યર (એકેડેમીક) માટે બી.એ.સેમ–૬ અંગ્રેજી વિભાગની કુ.રાધા એચ.સોનેરી, હિન્દી વિભાગની કુ.હિના એન.ગાધેર, ગુજરાતી વિભાગની કુ.ભાવિશા ડી.વાજા અને હોમસાયન્સ વિભાગની કુ.નયના એચ.મોકરીયા જયારે ત્રીજી કેટેગરીમાં આઉટ સ્ટેડીંગ સ્ટુડન્ટ ઓફ ધ યર (કો–કરીકયુલર) માં બી.એ.સેમ–૬ અંગ્રેજી વિભાગની કુ. શિવાની એસ કણજારીયા, હિન્દી વિભાગની જયશ્રી એન.લોઢારી, ગુજરાતી વિભાગની કિરણ વી.કારેણા તથા હોમસાયન્સ વિભાગની કુ.જયોતિ ડી.કોરીયા ને તેમના જ વાલીઓના હસ્તે એવોર્ડ એનાયત કરી સન્માનીત કરવામાં આવ્યા હતા. ત્યારબાદ કાર્યક્રમમાં પોરબંદર ઉપરાંત અન્ય શહેરોમાંથી પધારેલા વાલીશ્રીઓએ કોલેજમાં ચાલતી અભ્યાસ ઉપરાંત ઈતરપ્રવૃતિઓને લઈને પોતાના પ્રતિભાવો આપ્યા હતા. અને કોલેજ ધ્વારા વિધાર્થીનીઓના સર્વાંગી વિકાસને લઈને સંતોષ વ્યકત કરી આનંદની લાગણી વ્યકત કરી હતી અને જણાવ્યુ હતુ કે, ગુરૂકુલ મહિલા કોલેજમાં વિધાર્થીનીઓને જે પરંપરાગત સંસ્કારોનું સિંચન અને જતન કરવામાં આવે છે તે આજના સમયમાં અજોડ છે. અને ખાસ કરીને કોલેજના પ્રિન્સિપાલ ડો.નાગર સાહેબ તથા ગુરૂકુલ પરિવારને અભિનંદન પાઠવી બીરદાવેલા. તો આ તકે પધારેલી ભૂતપૂર્વ વિધાર્થીનીઓએ પણ પોતાના કોલેજ કાળના દિવસોના સંસ્મરણો વાગોળ્યા હતા અને પોતાની સફળતાનો શ્રેય કોલેજ પરીવારને આપ્યો હતો. ત્યારબાદ વિનયન ફેકલ્ટીના વિભાગ અધ્યક્ષશ્રીઓએ શૈક્ષણિક તથા ઈતર પ્રવૃતિઓનો અહેવાલ રજુ કર્યો હતો. જેમાં અંગ્રેજી વિભાગના અધ્યક્ષ ડો.કેતકીબેન પંડયા,હિન્દી વિભાગના અધ્યક્ષા ડો.શાંતિબેન મોઢવાડીયા, ગુજરાતી વિભાગના અધ્યક્ષા ડો.શર્મિષ્ઠાબેન પટેલ તથા હોમસાયન્સ વિભાગના ડો.જયશ્રીબેન બારોટે વિભાગની પ્રવૃતિઓનો પરીચય આપ્યો હતો. આ તકે ઉપસ્થિત અતિથિ  વિશેષ બાલુબા કન્યા વિધાલયના આચાર્યાશ્રી અરૂણાબેન મારુએ પોતાના વકતવ્યમાં જણાવ્યુ હતુ કે, ગુરૂકુલ મહિલા કોલેજમાં અતિથિ વિશેષ તરીકે આવવાનો અવસર પ્રાપ્ત થયો છે ઉપરાંત પોતે પણ આ કોલેજના અંગ્રેજી વિભાગના ભૂતપૂર્વ વિધાર્થીની હોય તેમની ઉચ્ચ કારકીર્દિ માટેનો શ્રેય ગુરૂકુલ મહિલા કોલેજને આપી વિધાર્થીનીઓને પ્રેરણા અને પ્રોત્સાહન પુરૂ પાડેલુ. આ કાર્યક્રમમાં કોલેજના પ્રિન્સિપાલ ડો.અનુપમ આર.નાગરે પોતાના વકતવ્યમાં જણાવ્યુ હતુ કે, આ સંસ્થાના સ્થાપક શ્રેષ્ઠીશ્રી નાનજીભાઈ કાલિદાસ મહેતાએ કોલેજને મહાવિધાલય બનાવવાનું સ્વપ્ન

સેવ્યુ હતુ. આ સ્વપ્નને સાકાર કરવા માટે આપણે સૌએ સાથે મળી  પ્રયત્ન કરવો પડશે. આથી વિધાર્થીનીઓ ઉપરાંત ભૂતપૂર્વ વિધાર્થીનીઓ અને વાલીઓએ પણ સહકાર આપવા અનુરોધ કરેલો. તેમજ વિધાર્થીનીઓને જીવનમાં સફળતા માટેના આયામો સર કરવા ધ્યેય નકકી કરવા જણાવ્યુ હતુ.

કાર્યક્રમના બીજા ચરણમાં વિનયન વિધાશાખાની વિધાર્થીઓ ધ્વારા સુંદર સાંસ્કૃતિક કાર્યક્રમ રજુ કર્યો હતો. જેમાં વિનયન વિધાશાખાની ૪૫ જેટલી દિકરીઓએ કૃતિઓ રજુ કરી સૌ કોઈને પ્રભાવિત કર્યા હતા. કાર્યક્રમમાં સ્વાગત અને આભાર વિધિ વાલી સંગઠનના અધ્યક્ષા અને કોલેજના હોમસાયન્સ વિભાગના પ્રા.રોહિણીબા જાડેજાએ કરેલી. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે ગુરૂકુલ મહિલા કોલેજ કલાસમિતિના અધ્યક્ષા ડો.કેતકીબેન પંડયા, રોહિણીબા જાડેજા અને શોભનાબેન વાળાએ  જહેમત ઉઠાવેલી.

## ગુરૂકુલ મહિલા કોલેજમાં કોમર્સ વિધાશાખાની વિધાર્થીનીઓનું વાલી તથા ભૂતપૂર્વ વિધાર્થી સમેલન યોજાયુ

રાજ રત્ન શ્રેષ્ઠીશ્રી નાનજીભાઈ કાલિદાસ મહેતા આર્ય કન્યા વિધાલય ટ્રસ્ટ સંચાલિત ગુરૂકુલ મહિલા કોલેજમાં વાલી અને ભૂતપૂર્વ વિધાર્થીનીઓનું સમેલન યોજવામાં આવ્યુ હતુ. જેમાં કોમર્સ ફેકલ્ટીના વાલીશ્રીઓ અને ભૂતપૂર્વ વિધાર્થીનીઓને નિમંત્રીત કરવામાં આવ્યા હતા. આ સંમેલનનો ઉદેશ્ય માતા–પિતાને પોતાની દિકરીઓના ઉચ્ચ શિક્ષણ અને પ્રગતિ માટે જાગૃત બને અને તેમના સર્વાંગી વિકાસ માટે કોલેજમાં ચાલતી અભ્યાસ ઉપરાંતની પ્રવૃતિઓથી વાકેફ થાય અને વર્તમાન સમયમાં અભ્યાસ કરતી વિધાર્થીઓ તેમજ કોલેજની ભૂતપૂર્વ વિધાર્થીનીઓ, વાલી અને અધ્યાપકો વચ્ચે સેતુ રચાય તે માટે કોલેજના પ્રિન્સિપાલશ્રી ડો.અનુપમ આર.નાગરના માર્ગદર્શન હેઠળ આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યુ હતુ.

આ કાર્યક્રમમાં ખુબ જ બહોળી સંખ્યામાં વાલીઓ તેમજ ભૂતપૂર્વ વિધાર્થીનીઓ ઉપસ્થિત રહયા હતા. આ કાર્યક્રમમાં અતિથિ વિશેષ તરીકે પોરબંદરના જાણીતા મહિલા અગ્રણી, સમાજ સેવિકા અને સાહેલી ગ્રામ સંસ્થાન વિકાસ ટ્રસ્ટના પ્રમુખ શ્રીમતી નિતાબેન વોરા ઉપસ્થિત રહયા હતા. તેમજ કોલેજના ભૂતપૂર્વ વિધાર્થીની પ્રતિનિધિ તરીકે અર્થશાસ્ત્ર વિષયના સીનીયર પ્રાધ્યાપિકા ડો.ઈલાબેન થાનકી ઉપસ્થિત રહયા હતા. આ કાર્યક્રમની શુભ શરૂઆત ગુરૂકુલ પરંપરા મુજબ વેદ મંત્રોથી કરવામાં આવી હતી. ત્યારબાદ કાર્યક્રમના પ્રથમ ચરણમાં ઉપસ્થિત સર્વે મહાનુભાવોનું શાબ્દિક સ્વાગત ભૂતપૂર્વ વિધાર્થીની સંગઠન અધ્યક્ષા પ્રા.શોભનાબેન વાળાએ કર્યુ હતુ. ત્યારબાદ કોમર્સ વિભાગના પ્રા.શ્રી રાહુલભાઈ પંડયાએ કોમર્સ વિભાગમાં ચાલતી શૈક્ષણિક અને ઈતરપ્રવૃતિઓનો વિસ્તૃત અહેવાલ રજુ કર્યો હતો. અને કોલેજમાં ચાલતા વિવિધ વ્યવસાયલક્ષી શોર્ટ ટર્મ કોર્ષ અંગેની વિસ્તૃત માહિતી આપી અને વાલીઓને વાકેફ કર્યા હતા. તેમજ કોલેજ કોમ્પ્યુટર વિભાગની વિવિધ શૈક્ષણિક અને રોજગાર લક્ષી તાલિમની માહિતી પુરી પાડી હતી. ત્યારબાદ કોલેજની શ્રેષ્ઠ વિધાર્થીનીઓને અલગ અલગ કેટેગરીમાં એવોર્ડ આપી સન્માનીત કરવામાં આવી હતી. જેમાં મોસ્ટ રેગ્યુલ સ્ટુન્ડન્ટ ઓફ ધ યર બી.કોમ સેમેસ્ટર–૬ એકાઉન્ટ વિભાગની વિધાર્થીની કુ.દીપાલી એચ.રૂઘાણી, કોમ્પ્યુટર વિભાગની કુ.કાજલ કે.કિંદરખેડીયાને એનાયત કરવામાં આવ્યો હતો. અન્ય કેટેગરીમાં આઉટ સ્ટેન્ડીંગ સ્ટુન્ડ ઓફ ધ યર (એકેડેમીક)માં એકાઉન્ટ વિભાગની કુ.તેજલ પી.સોનેજી, કોમ્પ્યુટર વિભાગની કુ.રાણી કે.પરમાર ને આપવામાં આવ્યો હતો. જયારે ત્રીજી કેટેગરીમાં આઉટ સ્ટેન્ડીંગ સ્ટુડન્ટ ઓફ ધ યર (કો–કરીકયુલર) માટેનો એવોર્ડ એકાઉન્ટ વિભાગની કુ.ભકિત પી.થાનકી અને કોમ્પ્યુટર વિભાગની કુ.રાણી કે.પરમારને આપવામાં આવ્યો હતો. એવોર્ડ વિતરણ બાદ વાલીશ્રીઓના પ્રતિભાવ માટે ઉપસ્થિત વાલી પ્રતિનિધિ શ્રી કરશનભાઈ પરમારે જણાવ્યુ હતુ કે, દિકરીઓને ગુરૂકુલ જેવી સંસ્થામાં અભ્યાસ કરાવી એ દરેક વાલીઓ માટે ગૌરવની વાત છે, ગુરૂકુલમાં દિકરીઓની કેળવણી અને શિક્ષણ સાથે સંસ્કારનું સિંચન કરવામાં આવે છે જે પ્રાચિન ગુરૂકુલ આશ્રમ પ્રણાલીને જીવંત કરે છે. ભૂતપૂર્વ વિધાર્થીની પ્રતિનિધિ વરિષ્ઠ પ્રાધ્યાપિકા ડો.ઈલાબેન થાનકીએ પોતાના પ્રતિભાવો આપતા કોલેજના તેમના વિધાર્થી કાળના સંસ્મરણો તાજા કર્યા હતા અને પોતાની એક આગવી ઓળખ માટેનો શ્રેય ગુરૂકુલ મહિલા કોલેજને આપ્યો હતો. અને કોલેજના પ્રિન્સિપાલ શ્રી ડો.અનુપમ નાગર સાહેબના નેતૃત્વ અને તેમના સનિષ્ઠ પ્રયાસોને બીરદાવી ગુરૂકુલ મહિલા કોલેજ વિશ્વ વિધાલય બનશે જ તેવી શ્રધ્ધા વ્યકત કરી હતી.

કાર્યક્રમના બીજા ચરણમાં સુંદર સાંસ્કૃતિક કાર્યક્રમો રજુ કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમોને નિહાળી ઉપસ્થિત સૌ કોઈ મંત્રમુગ્ધ થયા હતા. કાર્યક્રમના અંતિમ ચરણમાં ઉદબોધન કરતા કોલેજના પ્રિન્સિપાલશ્રી ડો.નાગર સાહેબે સમગ્ર કાર્યક્રમ માટે વિધાર્થીનીઓને બિરદાવી હતી. અને શિક્ષણના ચાર સ્તંભ વિશે જણાવતા કહયુ હતુ કે, શિક્ષણ રૂપી ઈમારતને મજબુત બનાવવા માટે વાલી, વર્તમાન વિધાર્થીનીઓ, ભૂતપૂર્વ વિધાર્થીનીઓ અને અધ્યાપકો આ ચાર સ્તંભ મજબુત હશે તો જ શિક્ષણ ઈમારત મજબુત બનશે. કોલેજમાં ચાલતા વિવિધ રોજગારલક્ષી કોર્ષ અંગેની માહિતી આપતા વાલીશ્રીઓને અનુરોધ કર્યો હતો કે, તેમને દિકરીઓના વિકાસ માટે તત્પર રહી દિકરીઓને અભ્યાસના સમય સિવાય પણ ઈતર પ્રવૃતિઓ તેમજ રોજગાર લક્ષી કોર્ષમાં જોડાઈને સમયનો સદ ઉપયોગ કરવો જોઈએ. અને શીસ્ત, સમર્પણ અને સખત પરીશ્રમ ધ્વારા જ સફળતા પ્રાપ્ત કરી શકાય છે અને શ્રેષ્ઠ રાષ્ટ્રનું નિમાર્ણ થઈ શકે તે માટેનું પ્રેરક ઉદબોધન કર્યુ હતુ. સાથે સાથે વિધાર્થીનીઓના વિકાસ માટે તત્પર એવા સર્વ અધ્યાપકોને પણ આ તકે અભિનંદન પાઠવી બીરદાવ્યા હતા.

કાર્યક્રમના અંતે અતિથિ વિશેષ શ્રીમતી નીતાબેન વોરાએ તેમના ઉદબોધનમાં જણાવ્યુ હતુ કે, પોતે પણ ગુરૂકુલ સંસ્થાના ભૂતપૂર્વ વિધાર્થીની રહી ચૂકયા છે, અને તેમને જીવનમાં મળેલી સફળતાનો શ્રેયના પાયામાં પણ ગુરૂકુલની શિક્ષણ પધ્ધતિ અને સંસ્કારો રહેલા છે. તેઓશ્રીએ કોલેજમાં ચાલતી વિવિધ પ્રવૃતિઓ માટેનો શ્રેય કોલેજના દીર્ઘ દ્રષ્ટા પ્રિન્સિપાલ ડો.અનુપમ નાગર સાહેબને આપેલો. અને વિધાર્થીનીઓને પ્રેરક ઉદબોધન કરેલું. કાર્યક્રમના અંતે આભાર દર્શન વાલી સમિતિના અધ્યક્ષા પ્રા.રોહિણીબા જાડેજાએ કરેલું. કાર્યક્રમને સફળતા બનાવવા માટે કોલેજની વિધાર્થીની પ્રતિનિધિઓ તથા કોલેજના ટીચીંગ–નોનટીંચીગ પરીવાર તથા કલા સમિતિના અધ્યક્ષા ડો.કેતકીબેન પંડયા, પ્રા.રોહિણીબા જાડેજા તથા પ્રા.શોભનાબેન વાળાએ જહેમત ઉઠાવી હતી. કાર્યક્રમને વિધાર્થીનીઓ તથા વાલીશ્રીઓએ મનભરીને માણયો હતો.

**ગુરૂકુલ મહિલા કોલેજમાં કેસીજી અંતર્ગત રાજયકક્ષાની AAA ટીમની મૂલ્યાંકન મૂલાકાત સંપન્ન**

ઉચ્ચ શિક્ષણમાં શિષ્ટ–વિશિષ્ટ યોગદાન આપી કન્યા કેળવણીની જયોતને સતત પ્રજવલિત રાખવા પ્રયત્નશીલ પોરબંદર જીલ્લાની આર્ય કન્યા વિદ્યાલય ટ્રસ્ટ સંચાલિત ગુરૂકુલ મહિલા કોલેજમાં રાજયકક્ષાના ઉચ્ચ શિક્ષણ મૂલ્યાંકન અન્વયે કેસીજીની AAA ટીમે મુલાકાત લીધી હતી. આ ટીમના ચેરપર્સન તરીકે એસ.પી.યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગરની પ્રતિષ્ઠિત વી.પી. એન્ડ આર.પી.ટી.પી. કોલેજના પ્રિન્સિપાલ ડો.ભાવેશભાઈ પટેલ તથા ટીમ સભ્ય તરીકે ગુજરાત યુનિવર્સિટી કોમર્સ વિભાગના અધ્યક્ષ પ્રો.ડો.ગુરૂદત જપ્પી તથા એચ.એલ.કોલેજ ઓફ કોમર્સ અમદાવાદના પ્રિ.ડો.સંજય વકીલ હાજર રહેલા.

ઉપસ્થિત વિદ્વાન અને અનુભવી અધિકારીશ્રીઓનું કોલેજના આગમન સમયે ગાર્ડ ઓફ ઓનર તથા પરેડ સાથે સ્વાગત કરાયેલું અને તેઓએ સૌ પ્રથમ સંસ્થાના પ્રિન્સિપાલ ડો.અનુપમ નાગર સાહેબ સાથે પ્રારંભીક મુલાકાત કરેલી. ત્યારબાદ કોલેજના આઈકયુએસીના કોર્ડીનેટર ડો.જયેશ ભટટના નેજા હેઠળ ટીમે આઈકયુએસી સાથે ચર્ચા કરેલી. જેમાં શહેરના પ્રતિષ્ઠિત શ્રેષ્ઠીશ્રી ડો.હરીનબેન મજીઠીયા, સાહેલી સંસ્થાના વડા શ્રી નીતાબેન વોરા, શ્રી પુષ્પાબેન જોશી, શ્રી નરેન્દ્રસિંહ રાણા તથા વિદ્યાર્થીના વાલીશ્રી હિતેશભાઈ સોનેરી અને વિદ્યાર્થીની પ્રતિનિધિ કુ.રાધા સોનેરી ખાસ ઉપસ્થિત રહેલા. સમગ્ર ચર્ચામાં કોલેજના પ્રાધ્યાપક મિત્રોએ ઉચ્ચ શિક્ષણના રાષ્ટ્રીય મૂલ્યાંકન કરતી સંસ્થાના 'નેક' ના સાત પ્રકારના મૂલ્યાંકનના માપદંડો અનુસાર કોલેજમાં કઈ કઈ પ્રવૃતિઓ નિયમિત સ્વરૂપે થાય છે તેની રજુઆત કરેલી તથા ઉપસ્થિત શ્રેષ્ઠી પૈકી નીતાબેન વોરાએ તથા ડો.હરિનબેન મજીઠીયાએ ઉચ્ચ શિક્ષણમાં શ્રેષ્ઠતમ સ્થાન પામવા માટે શું શું કરી શકાય અને ગુરૂકુલ મહિલા કોલેજ શું શું કરી રહી છે તે વિશે અભિપ્રાય આપેલો અને AAA ના સદસ્યોએ પણ ભૂતપૂર્વ વિદ્યાર્થીનીઓ તથા સંસ્થા સાથે મળી ભવિષ્યમાં કયા કયા પ્રકારની શૈક્ષણિક અને વિદ્યાર્થીનીઓની કારકીર્દિને લક્ષી તથા સંસ્થાના વિકાસ માટેની પ્રવૃતિઓ કરી શકે તે વિશે માર્ગદર્શન પુરુ પાડેલું. આ મિટીંગ દરમ્યાન સંસ્થા ધ્વારા થતી સપ્તધારાની વિવિધ પ્રવૃતિઓ અને સ્ટડી સર્કલના અભિગમની પ્રશંસા કરવામાં આવેલી. ત્યારબાદ મૂલ્યાંકન ટીમે ડો.કેતકીબેન પંડયા તથા ડો.શર્મિષ્ઠાબેન પટેલના નેજા હેઠળ વર્તમાન વિદ્યાર્થીનીઓની મૂલાકાત લીધેલી. જેમાં વિદ્યાર્થીનીઓએ નાનો પણ મંત્રમુગ્ધ કરતો સાંસ્કૃતિક કાર્યક્રમ રજુ કરેલો. તથા તેઓશ્રીના માર્ગદર્શન સાથે ડીસપ્લે થયેલા વિવિધ પ્રવૃતિના ચાર્ટસની પણ નોંધ લીધેલી.

ત્યારબાદ ઓપન ડીસકશનના ભાગ રૂપે ટીમે વિદ્યાર્થીનીઓ સાથે ખુલ્લા મનથી કોલેજ ધ્વારા અપાતી સુવિધાઓ, જરૂરીયાતો, સંસ્થાના પ્રિન્સિપાલશ્રી તથા પ્રાધ્યાપકગણના એટીટયુડ વિગેરે પર ચર્ચાઓ કરેલી અને એ ચર્ચાને અંતે તેઓએ વિદ્યાર્થીનીઓના શિસ્ત અને કલાના સમન્વયની પ્રશંસા કરેલી અને વિદ્યાર્થીનીઓની ગોષ્ઠીના આધારે કોલેજને સકારાત્મક સૂચનો આપેલા. જેથી સંસ્થા રાષ્ટ્રીય મૂલ્યાંકનમાં શ્રેષ્ઠતમ માનાંક પ્રાપ્ત કરી શકે.

ત્યારબાદ ટીમ ધ્વારા પ્રા.રોહિણીબા જાડેજા અને પ્રા.શોભનાબેન વાળાના કોર્ડીનેશનમાં વાલીગણ અને ભૂતપૂર્વ વિધાર્થીનીઓ સાથે સંવાદ યોજવામાં આવેલો. જેમાં ટીમના સભ્યોએ સંસ્થાના વિકાસમાં વાલીગણ અને ભૂતપૂર્વ વિધાર્થીનીઓ શું શું યોગદાન આપી શકે તેની માહિતી પુરી પાડેલી અને કોલેજ કઈ રીતે પોતાની દિકરીની કારકીર્દિના ઘડતરમાં પ્રયત્ન કરે છે તે અનુસંધાને વાલીઓએ તથા ભૂતપૂર્વ વિધાર્થીનીઓએ પોતાના પ્રતિભાવો રજુ કરેલા.

ત્યારબાદ ડો.ઉષા મકવાણા અને શ્રી અરવિંદ રાવલીયાના સથવારે સમગ્ર ટીમે કોલેજના ઈન્ફ્રાસ્ટ્રકચરની પ્રત્યક્ષ મુલાકાત લીધેલી અને વિશાળ પ્રાર્થનાખંડ, સુસજ્જ હોમસાયન્સ અને કોમ્પ્યુટર લેબ, ડેલ તથા ૫૦,૦૦૦ થી વધુ પુસ્તકો ધરાવતી લાયબ્રેરીની મુલાકાતથી પ્રભાવિત થયેલા અને લાયબ્રેરીમાં ૧૦૦ વર્ષથી પણ જુના દુર્લભ પુસ્તકો જોઈ રોમાંચીત થયેલા તો રમત–ગમતના ક્ષેત્રમાં વિધાર્થીનીઓ ધ્વારા થઈ રહેલા પ્રયત્નોને પણ બીરદાવેલા. તદુપરાંત સંસ્થાએ વધુ હાઈટેક થવા થવા કેવા કેવા પ્રકારની ભૌતિક સુવિધાઓથી સજ્જ થવુ પડશે તેના ઉપયોગી સૂચનો પણ કરેલા અને પ્રવર્તમાન સમયની માંગને ધ્યાનમાં રાખી વધુને વધુ ICT ના ઉપયોગ અને ગો ગ્રીન કન્સેપ્ટને અમલમાં મૂકવા અનુરોધ કરેલો અને સંસ્થાના કલીનલીનેસ અભિગમને ખાસ બીરદાવેલો અને રાષ્ટ્રીય સેવા યોજના દ્વારા થતી વિવિધ પ્રવૃતિઓ અને કેરીઅર કાઉન્સેલીંગ, ઉદિશા દ્વારા થતી વિવિધ પ્રવૃતિઓની નોંધ લીધેલી. ત્યારબાદ તેઓશ્રીએ વહિવટી વિભાગની મુલાકાત લીધેલી જેમાં શ્રી અમિત ભટટ, ભાવેશ લોઢારી અને અભયસિંહ જાડેજા ધ્વારા વહિવટી સંચાલન તથા જરૂરી માહિતી પુરી પાડવામાં આવેલી. તો અધ્યાપકો ધ્વારા થતા રીસર્ચ વર્કની ડીસપ્લે ડો.શાંતિબેન મોઢવાડીયા ધ્વારા રજુ કરવામાં આવેલી અને સમગ્ર મૂલ્યાંકન કાર્યની મહેમાનગતિ ડો.જયશ્રીબેન બારોટ તથા ડો.મનહર ગોસ્વામીના માર્ગદર્શન નીચે સંપન્ન થયેલી.

AAA ના મૂલ્યાંકન દરમ્યાન સતત સાથે રહી આઈકયુએસીના કોર્ડીનેટર ડો.જયેશભાઈ ભટટે એકઝીટ મિટીંગ દરમ્યાન ઉપસ્થિત મહાનુભાવોનું સ્વાગત કરેલું. અને સંસ્થાના પ્રિન્સિપાલ ડો. અનુપમ નાગર સાહેબે ઉચ્ચ શિક્ષણમાં 'નેક' ના મૂલ્યાંકનની તાતી જરૂરીયાત અને તે અનુસંધાનેAAA ના મૂલ્યાંકન માટે થયેલા પ્રયત્નોની વાત રજુ કરેલી અને આવનારા સમયમાં 'નેક' ના માપદંડો મુજબ જ કાર્યને સુનિશ્ચિત સ્વરૂપમાં કરવા તથા 'નેક' ના શ્રેષ્ઠતમ મૂલ્યાંકનથી ગુરૂકુલ મહિલા કોલેજને અવ્વલ સ્થાન અપાવવા માટે વિશ્વાસ વ્યકત કરેલો. આ તબ્બકકે મૂલ્યાંકન ટીમના ચેરમેન શ્રી ડો.ભાવેશભાઈ પટેલે ગુરૂકુલ મહિલા કોલેજમાં ઉચ્ચતમ માનાંક માટે રહેલી ક્ષમતાને 'નેક' ના નિશ્ચિત સ્વરૂપમાં કેમ યોગ્ય રીતે રજુ કરી શકાય તેનું માર્ગદર્શન પુરૂ પાડેલું. આવનારા સમયમાં સંસ્થાના ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે અગ્રીમ સ્થાન પ્રાપ્ત કરે તેવા આર્શિવચન પાઠવેલા. અત્રે નોંધનીય છે કે ટીમના સદસ્યશ્રી ગુરૂદતા સાહેબે ગુરૂકુલ મહિલા કોલેજમાં પ્રાધ્યાપક–વિધાર્થીની વચ્ચે સ્થાપિત થયેલી પારિવારીક ભાવનાથી તથા સાથી સદસ્યશ્રી વકીલ સાહેબે સંસ્થામાં પ્રવેશ કરતા જ અનુભવાયેલી હકારાત્મક ચેતનાથી ખાસ પ્રભાવિત થઈ સમગ્ર ગુરૂકુલ મહિલા કોલેજ તપોભૂમિની પ્રશંસા કરેલી. સમગ્ર કાર્યક્રમનું આભાર દર્શન ડો.નયન ટાંક ધ્વારા કરવામાં આવેલું.

રાજય કક્ષાના AAA ના મૂલ્યાંકનને સફળ બનાવવા સંસ્થાના પ્રિન્સિપાલ ડો. અનુપમ નાગર સાહેબના માર્ગદર્શન નીચે સમગ્ર કોલેજના પ્રાધ્યપાક મિત્રો તથા સર્વે વિધાર્થીનીઓએ તથા વહિવટી વિભાગે તનતોડ મહેનત કરેલી.

# ગુરુકુલ મહિલા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ – પોરબંદર

## વર્કશોપ ઓન નર્સિંગ

શ્રી આર્ય કન્યા ગુરુકુળ ટ્રસ્ટ સંચાલિત ગુરુકુળ મહિલા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજમાં પ્રિન્સિપાલ શ્રી. ડૉ. અનુપમભાઈ નગરનાં માર્ગદર્શન, અને સઘન પ્રયત્નથી નર્સિંગ ના વર્કશોપનું તા.- ૦૯-૦૧-૨૦૧૯ થી ૨૧-૦૯-૨૦૧૯ સુધી આયોજન કરવામાં આવ્યું હતું.

જેમાં તા.- ૦૯-૦૧-૨૦૧૯ નાં રોજ વર્કશોપની શરૂઆત માં " સૌરાષ્ટ્ર સિમેન્ટ ફેક્ટરી "રાણાવાવ થી પધારેલા ડૉ. મિલનભાઈ વસાવડા તથા તેની સાથે શ્રી જાવેદભાઈ અંબર, ભાવેશભાઈ જોષી, અને
શ્રી વિપુલાબેન ગરેજા નું કોલેજનાં પ્રિન્સિપાલ. શ્રી. ડૉ. નાગર સાહેબ અને કોર્ષ કૉઓર્ડીનેટર, પ્રા. શોભનાબેન વાળાનાં હસ્તે સુતરની આંટી થી સ્વાગત કરી અને ડૉ. મિલનભાઈ વસાવડા તથા તેમની ટીમનો પરિચય કરાવવામાં આવ્યો હતો.

આ વર્કશોપનો મુખ્ય હેતુ એ હતો. કે વિદ્યાર્થીની બહેનો ભવિષ્યમાં પોતાના પરિવારનાં સભ્યો અને આસપાસના લોકોને નર્સિંગની સામાન્ય સારવાર આપી શકે અને પોતાનાં પરિવારનું સ્વાસ્થ્ય સારી રીતે જાળવી શકે અને ઘરેલૂ પ્રાથમિક સારવાર પણ આપી શકે તથા જુદા-જુદા જીવાણુઓ અને વિષાણુંઓ અને વિષાણુંથી ફેલાતા રોગો કેવા હોઈ શકે અને તેમાંથી બચવા માટે શું કરી શકાય. ખોરાકીય ટેવો કેવી હોવી જોઈએતે અંગેની વર્કશોપનાં દિવસો દરમ્યાન જુદા-જુદા વિષયો દ્વારા ખૂબજ સુંદર માહિતી પૂરી પાડી હતી. આ સમગ્ર વર્કશોપની ટ્રેનીંગમાં વિદ્યાર્થીની બહેનોએ ખૂબજ ઉત્સાહભેર ભાગ લીધો હતો. અને છેલ્લા દિવસે એક સામાન્ય કસોટીમાં પણ જોડાઈને પોતાનો ઉત્સાહ બતાવ્યો હતો. આ કોર્ષમાં ૧૭૦ વિદ્યાર્થીનીઓ જોડાઈ ટ્રેનીંગ લીધી હતી.

આમ, વર્કશોપનાં અંતિમ દિવસે પૂર્ણાહૂતિનાં સમયે પ્રિન્સિપાલ શ્રી. ડૉ. અનુપમભાઈ નાગરે વિદ્યાર્થીની બહેનોને પ્રેરણાદાયી ઉદબોધન આપી. અને કોર્ષમાં જોડાઈને ટ્રેનીંગ પૂર્ણ કરવા માટે ખૂબ-ખૂબ અભિનંદન પાઠવ્યા હતા. તથા ડૉ. મિલનભાઈ તથા ટીમનાં સભ્યોને મોમેન્ટો તથા પુષ્પગુચ્છ અર્પણ કરી અભિનંદન પાઠવી આભારની લાગણી વ્યક્ત કરી હતી.

આ સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે અધ્યાપક મિત્રો તથા ઊર્વિબેન મોઢાએ સહકાર આપ્યો હતો. અને છેલ્લે પ્રા. શોભનાબેન વાળાએ આભાર દર્શન કરી. વર્કશોપની પૂર્ણાહૂતિ કરી હતી.

# ગુરૂકુલ મહિલા કોલેજમાં જીલ્લા કક્ષાની યુવા પાર્લામેન્ટ સંપન્નં

ઉચ્ચ શિક્ષણ દરમ્યાન વિધાર્થીનીઓ શિક્ષણની સાથે સાથે સમાજના અને રાજકારણના પાસાઓથી પરીચીત થાય અને તે માટે હકારાત્મક અભિગમ કેળવે તે હેતુથી પ્રયત્નશીલ ગુરૂકુલ મહિલા કોલેજના એન.એસ.એસ. વિભાગ ધ્વારા રાષ્ટ્રીય મતદાન દિવસે જીલ્લા કક્ષાની યુવા પાર્લામેન્ટ યોજવામાં આવેલી. આ કાર્યક્રમના અધ્યક્ષ સ્થાને પોરબંદર વિસ્તારના કર્મઠ ધારાસભ્ય અને પૂર્વ કેબીનેટમંત્રી શ્રી બાબુભાઈ બોખીરીયા ખાસ ઉપસ્થિત રહયા હતા.

આપણા આદરણીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ૩૧ ડિસેમ્બર–૨૦૧૭ ના રોજ મન કી બાતમાં 'યુથ બી કમીંગ ધ વોઈસ ઓફ ઈન્ડીયા' નો શકિતશાળી વિચાર પ્રસ્તૃત કરેલો જેને તા.૨૪ થી ૨૮ જાન્યુઆરી–૨૦૧૯ દરમ્યાન સમગ્ર ભારતમાં યુથ પાર્લામેન્ટના સ્વરૂપમાં સાકાર કરવાનું આયોજન કરવામાં આવ્યુ છે. જેના ભાગ રૂપે પોરબંદર જીલ્લાની નોડલ એજન્સી તરીકે ગુરૂકુલ મહિલા કોલેજમાં ઉપરોકત કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યુ હતુ. જેમાં જીલ્લાભરની અલગ અલગ કોલેજોના ૫૬ વિધાર્થીઓએ ઓનલાઈન તથા ઓફલાઈન રજીસ્ટ્રેશન કરાવ્યુ હતુ. આ સ્પર્ધાનો પ્રારંભ પોરબંદરના ધારાસભ્ય અને પૂર્વ કેબીનેટ મંત્રી શ્રી બાબુભાઈ બોખીરીયાના હસ્તે દિપપ્રાગ્ટયથી કરવામાં આવ્યો હતો. કાર્યક્રમની શરૂઆતમાં સંસ્થા પ્રિન્સિપાલ ડો.અનુપમ નાગર સાહેબે રાષ્ટ્રભાવના તથા પ્રવર્તમાન યુવા પેઢી અને તેમનું રાજકીય યોગદાન વિષય અનુસંધાને ઉદબોધન કરેલું અને ઉપસ્થિત મહેમાનોનું શબ્દ તથા સુતરની માળાથી સ્વાગત કરેલું. ત્યારબાદ અધ્યક્ષ સ્થાનેથી શ્રી બાબુભાઈ બોખીરીયાએ ઉપસ્થિત યુવા પેઢીને ઉતમ સમાજના ઘડતર માટે પોતાની જાતને સક્ષમ કરવા શીખ આપેલી. તેઓશ્રીના મતે સાચી લોકશાહી એ લોકોને હકક અને ફરજ માટે જાગૃત કરે તથા સાચો પ્રજાનો પ્રતિનિધિ એટલે એ કે જે રાત અને દિવસ રાષ્ટ્રહિતની ચિંતા કરે. તેમણે સતાના વિવિધ પ્રકારો અને તેમાં ભારતના આર્ષદ્રષ્ટ્રા પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી ધ્વારા યુવાનોને જોડવાની ઝુંબેશને આવકારી અને પ્રજાલક્ષી પ્રજાહિતના રાજકારણમાં યુવાનોને વધુને વધુ સક્રિય થવા આહવાન કરેલું. યુવા પાર્લામેન્ટ જયારે સ્ત્રીસશકિતકરણનું છેલ્લા આઠ આઠ દાયકાઓથી કામ કરતી શ્રેષ્ઠીશ્રી નાનજી કાલિદાસ મહેતા સ્થાપિત ગુરૂકુલ મહિલા કોલેજમાં યોજવામાં આવી રહી છે ત્યારે આ ઘટનાને સુચક ગણાવી અને આજની યુવા દિકરીઓને પણ રાજકારણમાં સશકત થવા અને સુઘડ, સ્વસ્થ, સમતોલ અને સુંદર લોકશાહીનું ઘડતર કરવા આર્શીવચન આપેલા.

ઉપરોકત સ્પર્ધામાં આતંકવાદ, આર્થિક દ્રોહ, જળ અને પર્યાવરણ તથા ખેલો ઈન્ડીયા ને સ્પર્શતા વિષયો પર યુવાનોએ મનનીય વકતવ્ય રજુ કરેલા. જેમાં નિણાર્યક તરીકે પોરબંદર શહેરના વિદ્વાન શ્રી ડો.સી.જી.જોશી ચેરમેનશ્રી ઈન્ડીયન રેડક્રોસ., શ્રી બલરાજ પાડલીયા પ્રમુખશ્રી ઈનોવેટીવ ગ્રુપ, શ્રી જીજ્ઞેશભાઈ પોપટ યુવા પત્રકાર, શ્રી વિજયભાઈ થાનકી અગ્રણી જીલ્લા ભાજપ તથા શ્રી સાદીયા સાહેબ નિવૃત પોલીસ ઈન્સ્પેકટર ઉપસ્થિત રહયા હતા. સ્પર્ધાને અંતે પ્રથમ સ્થાને મયુર જોશી, ધ્વિતિય સ્થાને સ્મીત જોગીયા તથા તૃતિય સ્થાને કુ.ઉર્વશી બદીયાણી રહેલા. આ સ્પર્ધકો હવે અમદાવાદ ખાતે યોજાનારી રાજય કક્ષાની સ્પર્ધામાં પોરબંદર જીલ્લાનું પ્રતિનિધિત્વ કરશે. કાર્યક્રમને અંતે તમામ નિર્ણાયકશ્રીઓએ પોતાના વકતવ્યો અને વિચારોને કઈ રીતે સુગઠીત સ્વરૂપે લોકો સમક્ષ મુકવા તેનું માર્ગદર્શન અને પ્રેરણા પુરા પાડેલા. ઉપરોકત કાર્યક્રમને સફળ બનાવવા માટે નહેરુ યુવા કેન્દ્ર પોરબંદરનો પણ સહકાર પ્રાપ્ત થયેલો. આ કાર્યક્રમમાં પોરબંદર શહેર યુવા ભાજપ પ્રમુખ શ્રી અજયભાઈ બાપોદરા, શ્રી પરેશભાઈ કોરાટ તથા નહેરુ યુવા કેન્દ્રના પ્રતિનિધિ શ્રી ગણેશ કોરસીયા ખાસ ઉપસ્થિત રહેલા. સમગ્ર કાર્યક્રમનુ સંકલન તથા સંચાલન પોરબંદર જીલ્લા યુવા પાર્લામેન્ટ ડીસ્ટ્રીક કોર્ડીનેટર તથા ગુરૂકુલ મહિલા કોલેજના એન.એસ.એસ ઓફિસર ડો.નયન ટાંક ધ્વારા કરવામાં આવેલું. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે પ્રો.ડો.શર્મિષ્ઠા પટેલ, વિધાર્થીની પ્રતિનિધિ કુ.રાધા સોનેરી, કુ.નિધિ ભુતિયા, કુ.પુજા ઓડેદરા, કુ. કિંજલ રાણાવાયા વગેરેએ જહેમત ઉઠાવેલી. સમગ્ર કાર્યક્રમની સફળતાને સંસ્થાના પ્રિન્સિપાલ ડો.અનુપમ નાગર તથા સર્વે અધ્યાપકોએ અભિનંદન પાઠવ્યા હતા.

રાજરત્ન શ્રેષ્ઠીશ્રી નાનજીભાઈ કાલિદાસ મહેતા, આર્યકન્યા વિદ્યાલય ટ્રસ્ટ સંચાલિત ગુરુકુળ મહિલા આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, પોરબંદરમાં એનએસએસ વિભાગની 'ખાસ શિબિર' તારીખ : ૨૦-૦૧-૨૦૧૮ થી ૨૬-૦૧-૨૦૧૮ દરમિયાન કુછડી ગામે યોજાઈ હતી.

એનએસએસની આ ખાસ શિબિરના પ્રથમ દિવસે કોલેજના આચાર્ય શ્રી ડો.અનુપમભાઈ નાગર, પ્રો.ડો.કેતકીબેન પંડ્યા, ગામના સરપંચ શ્રી નાગાભાઈ તથા ગ્રામજનો આદરણીય વાલીબેન, સુમરીબેન, દેવાભાઈ, શાંતીબેન, લીલુબેન, રામભાઈ, કોલેજની ભૂતપૂર્વ વિદ્યાર્થીની બહેનો તથા અરભમભાઈ તથા તેમના પરિવારજનોની ઉપસ્થિતિમાં શિબિરનું ઉદઘાટન થયું હતું. ગ્રામજનોએ આ શિબિરમાં પોતાનો સક્રિય સહકાર નોંધાવેલો તો કોલેજના આચાર્ય શ્રી ડો.અનુપમભાઈ નાગરે એનએસએસની વોલેન્ટિયર બહેનોને પોતાના આશીર્વાદ આપતા કહેલું કે, રાષ્ટ્રીય સેવા યોજના શબ્દોમાંનો 'સેવા' શબ્દ શિક્ષા સાથે જોડાયેલો છે. NOT 'NOT ME BUT YOU' ની ભાવના ત્યારે જ સંભવ બને જયારે આપણે અન્ય વિષે વિચારીએ, એ સત્ય છે કે, માણસમાત્રમાં સ્વાર્થની ભાવના પડેલી હોય છે પણ જયારે તે બીજા માટે જીવે છે ત્યારે તે 'સેવા' બને છે. માણસ દ્વારા કરવામાં આવેલું નાનું અમથું સેવાનું કાર્ય રાષ્ટ્ર નિર્માણનો પાયો બને છે. સેવા માટે ધનની આવશ્યકતા ઘણીવાર ગૌણ હોય છે વળી, લેવા માટે લંબાયેલ હાથ કરતા આપવા માટે ઉઠેલો હાથ વધુ ગૌરવશાળી હોય છે. જે આપે છે તે હંમેશાં મીઠું હોય છે. આપણે ફરિયાદ કરતા હોઈએ છે કે, સમાજે આપણને શું આપ્યું? પરંતુ મહત્વનું એ છે કે તમે સમાજને શું આપ્યું. તેઓએ પ્રસંગને અનુરૂપ શૌર્યગીત 'હો જાઓ તૈયાર સાથીઓ' રજૂ કરીને એનએસએસ વિભાગની વોલેન્ટિયર બહેનોમાં ઉત્સાહની લહેર જગવી દીધી હતી અને શિબિર દરમિયાન આયોજિત થનારી દરેક પ્રવૃતિઓ માટે શુભેચ્છાઓ પાઠવી હતી.

એનએસએસ વિભાગના બન્ને યુનિટના પ્રો.ઓફીસર પ્રો.ડો.નયનભાઈ ટાંક અને પ્રો.ડો.શર્મિષ્ઠાબેન પટેલ અને એનએસએસની વોલેન્ટિયર બહેનોએ કુછડી ગામમાં દરેક ઘર પરિવાર સાથે સમ્પર્ક કરી સીધો સંવાદ કર્યો હતો અને વ્યસનથી થતા નુકશાન, બાળકોનું સ્વાસ્થ્ય, સમાજસુધારાની સરકારશ્રીની કલ્યાણકારી યોજનાઓથી સહુને માહિતગાર કરવાની અને 'સ્વચ્છ ગામ યાત્રાનું ધામ' જેવા કાર્યો થકી ગામજનોને રાષ્ટ્રીય સેવા યોજના શું છે? તે અને રાષ્ટ્રીય સેવા યોજનાની આ ખાસ શિબિરમાં ગ્રામજનો માટે આયોજિત રોજબરોજના કાર્યક્રમોની જાણકારી આપી હતી.

આ ઉપરાંત એક પ્રોજેક્ટ કાર્ય હાથ ધરેલું જેમાં ગામની, અધુરો અભ્યાસ છોડી દીધેલ બહેનોના નામ નોંધી, તેઓને રોજગારલક્ષી યોજનાની માહિતી આપી sbસ્વરોજગારીના વ્યવસાયોમાં કહેલી તકોની માહિતી આપી હતી.

‘સ્વચ્છતા ત્યાં પ્રભુતા’ ના સૂત્રને સાર્થક કરતાં કુછડી ગામના દરિયાઈ પટ્ટા ઉપર સફાઈ, ખીમેશ્વર મહાદેવ મંદિરનું ધાર્મિક મહત્વ જેવી બાબતોથી વિદ્યાર્થીની બહેનોને અવગત કરાઈ હતી. કુછડી ગામની પ્રાથમિક શાળાના બાળકો સાથે વોલેન્ટિયર બહેનોએ એક દિવસ વિતાવ્યો હતો અને તેઓને ૨૬મી જાન્યુઆરીના કાર્યક્રમની તાલીમ આપી સજ્જ બનાવ્યા હતા. આર્યકન્યા ગુરુકુળ સ્વયં એક તપોભૂમિ છે તેથી રાષ્ટ્રીય પર્વને ધ્યાનમાં લેતા ગુરુકુળ કેમ્પસની સ્વચ્છતાનું કાર્ય પણ આ કેમ્પ દરમિયાન કરવામાં આવેલું.

આ ખાસ શિબિરના અંતિમ દિવસે રાષ્ટ્રીય પર્વની ઉજવણી સાથે પૂર્ણાહુતી કરવામાં આવેલી જેમાં કોલેજના પૂર્વ અધ્યાપિકા કોમર્સ વિભાગના અધ્યક્ષ પ્રો.રમાબેન ગોહિલના પ્રમુખ સ્થાને ધ્વજવંદન કાર્યક્રમ યોજાયો હતો. આજ દિવસે એનએસએસની વોલેન્ટિયર બહેનોએ સાંસ્કૃતિક કાર્યક્રમ જેમાં દેશભક્તિ ડાન્સ, એકપાત્રીય અભિનય, વક્તવ્ય, ગૃપસોંગની રજૂઆત કરી હતી. આ તમામ બહેનોને નહેરુ યુવા કેન્દ્ર પોરબંદર તરફથી વિશેષ પુરસ્કાર રાશિથી બિરદાવવામાં આવી હતી. વોલેન્ટિયર બહેનોની કામગીરીથી પ્રભાવિત થઇ કોલેજના પ્રિ.ડો.અનુપમભાઈ નાગર સાહેબે તેઓને ખૂબ આશીર્વાદ આપ્યા હતા.

એનએસએસ વિભાગની આ ખાસ શિબિરનું આયોજન કોલેજના આચાર્ય શ્રી ડો.અનુપમભાઈ નાગરના માર્ગદર્શન હેઠળ એનએસએસ વિભાગના બન્ને યુનિટના પ્રો.ઓફીસર પ્રો.ડો.નયનભાઈ ટાંક અને પ્રો.ડો.શર્મિષ્ઠાબેન પટેલે કર્યું હતું,

## ગુરૂકુલ મહિલા કોલેજમાં વાર્ષિકોત્સવની ઉજવણી

રાજરત્ન શ્રેષ્ઠીશ્રી નાનજીભાઈ કાલિદાસ મહેતા સંસ્થાપિત ગુરૂકુલ મહિલા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજમાં વાર્ષિક ઉત્સવની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી, જેમાં મુખ્ય અતિથિ તરીકે, શ્રી હેમચંદ્રાચાર્ય ઉતર ગુજરાત યુનિવર્સિટીના પૂર્વ કુલપતિ ડો.હેમીક્ષાબેન રાવ પધારેલા. કાર્યક્રમની શરૂઆત વેદમંત્રગાનથી કરવામાં આવેલી. ત્યારબાદ મુખ્ય અતિથિનું શબ્દોથી સ્વાગત ઈનામ વિતરણ સમિતિના અધ્યક્ષા ડો.કેતકીબેન પંડયાએ કરેલું. કોલેજના પ્રિન્સિપાલ શ્રી ડો.અનુપમભાઈ નાગરે સુતમાળાથી અને હોમસાયન્સ વિભાગના અધ્યક્ષા ડો.જયશ્રીબેન બારોટે ઉષ્માવસ્ત્રથી મુખ્ય અતિથિનું સ્વાગત કરેલું. ત્યારબાદ ઈનામ વિતરણ સમિતિના સભ્ય પ્રા.રોહિણીબા જાડેજાએ મુખ્ય અતિથિનો પરિચય આપેલો. તેમજ ગાંધીવાદી વિધ્વાનો શ્રી ડો.કમલકરસાહેબ, એન.એસ.એસ.રીજનલ ડાયરેકટર તેમજ શ્રી અરૂણભાઈ ગાંધી, પ્રોફેસર ગુજરાત વિદ્યાપીઠ અમદાવાદનુ સ્વાગત કરેલું.

કોલેજના પ્રિન્સિપાલ શ્રી ડો.અનુપમભાઈ નાગરે કોલેજમાં ચાલતી શૈક્ષણિક અને અન્ય પ્રવૃતિઓનો વાર્ષિક અહેવાલ આપેલો. ત્યારબાદ શ્રી ડો.હેમીક્ષાબેન રાવના વરદ હસ્તે શૈક્ષણિક સ્તરે શ્રેષ્ઠ ગુણ મેળવનાર વિધાર્થીનીઓને ગોલ્ડ મેડલ એનાયત કરવામાં આવ્યા હતા. જેમાં રાજરત્ન શ્રેષ્ઠીશ્રી નાનજીભાઈ કાલિદાસ મહેતા સુવર્ણ ચંદ્રક આર્ટસ ફેકલ્ટીની હિન્દી વિભાગની કુ.ચાંદની કમલેશભાઈ બાપોદરાને, શ્રી ધીરેન્દ્રભાઈ મહેતા સુર્વણ ચંદ્રક કોમર્સ ફેકલ્ટીની એકાઉન્ટ વિભાગની કુ.પુજા નરેન્દ્રભાઈ જોશીને અને શ્રી સવિતાબેન મહેતા સુવર્ણ ચંદ્રક હોમસાયન્સ વિભાગની કુ.મનાલી દિનેશભાઈ ભજગોતરને એનાયત કરવામાં આવેલ. ત્યારબાદ સપ્તધારા પ્રવૃતિઓના કો–ઓર્ડિનેટર ડો.નયનભાઈ ટાંકે કોલેજમાં ચાલતી સપ્તધારા પ્રવૃતિઓનો અહેવાલ આપેલો. ગીત–સંગીત નૃત્યધારાનો એવોર્ડ કુ.રાધા હિતેશભાઈ સોનેરી(બી.એ.અંગ્રેજી સેમ–૬), નાટયધારાનો એવોર્ડ કુ.નિધિ કારાભાઈ ભુતિયા (બી.એ.અંગ્રેજી સેમ–૬), જ્ઞાનધારાનો એવોર્ડ કુ.રાણી કરશનભાઈ પરમાર(બી.કોમ કોમ્પ્યુટર સાયન્સ સેમ–૬), સર્જનાત્મક અભિવ્યકિત ધારાનો એવોર્ડ કુ.ઉર્વશી પ્રભુદાસ બદીયાણી (બી.કોમ એકાઉન્ટન્સી સેમ–૬), રંગ કલા કૌશલધારાનો એવોર્ડ કુ.ચાંદની કમલેશભાઈ થાનકી(બી.કોમ એકાઉન્ટન્સી સેમ–૬), ખેલકૂદ યોગ વ્યાયામ ધારાનો એવોર્ડ કુ.ગીતા કેશુભાઈ મોઢવાડીયા(બી.કોમ એકાઉન્ટન્સી સેમ–૬), સામુદાયિક સેવાધારા (એન.એસ.એસ.) નો એવોર્ડ કુ.પુજા અરશીજી ઓડેદરા, (બી.એ.હિન્દી સેમ–૬) અનેકુ.કિંજલ સંદીપભાઈ વિસાણા(બી.કોમ કોમ્પ્યુટર સાયન્સ સેમ–૬) તથા બેસ્ટ લાઈબ્રેરી યુટીલાઈઝેશન એવોર્ડ કુ.હીના નારણભાઈ ગાધેર (બી.એ હિન્દી સેમ–૬) ને એનાયત કરવામાં આવેલ.

આ ઉપરાંત કોલેજમાં આશરે ૧૩ જેટલા શોટ ટર્મ કોર્સીસ ચાલે છે અને સ્ટડી સર્કલની પ્રવૃતિઓ અને સ્પર્ધાઓ દરેક વિભાગ ધ્વારા આયોજીત કરવામાં આવેલા છે. જેના આશરે ૫૫૦ જેટલા પ્રમાણપત્રોથી વિધાર્થીનીઓને પુરસ્કૃત કરવામાં આવેલ. ત્યારબાદ સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન થયેલુ જેમાં ભારત નાટયમ ધ્વારા માં ભગવતીની સ્તુતિ, દેશભકિત નૃત્યો, મહાત્મા ગાંધીજી પરનું વકતવ્ય અને ગરબાની ધમાકેદાર પ્રસ્તૃતિ થયેલી. કાર્યક્રમના અંતિમ ચરણમાં ડો.હેમીક્ષાબેન રાવે સ્ત્રી સશકિતકરણના અનેક જવલંત ઉદાહરણો આપી મનનીય પ્રવચન ધ્વારા વિધાર્થીનીઓને હિમંત અને ઉત્સાહથી જીવન જીવવા માટે પ્રેરિત કરેલી. અને કાર્યક્રમમાં ભાગ લેનારી વિધાર્થીનીઓને અભિનંદન પાઠવેલા. આભારવિધિ પ્રા.શોભનાબેન વાળાએ કરેલી. અંતમાં શાંતિપાઠથી આ કાર્યક્રમ પૂર્ણ થયેલો. આ સમગ્ર કાર્યક્રમ પ્રિન્સિપાલશ્રી ડો.અનુપમભાઈ નાગર ના માર્ગદર્શન હેઠળ આયોજીત થયેલો અને ઈનામ વિતરણ સમિતિના સભ્યો ડો.કેતકીબેન પંડયા, પ્રા.રોહિણીબા જાડેજા અને પ્રો.શોભનાબેન વાળાએ તેમજ સમિતિની પ્રતિનિધિ વિધાર્થીનીઓ કુ.માધવી ગોહિલ, કુ.રાધા સોનેરી, કુ.અદિતિ દવે, કુ.જાનવી વાયા, કુ.જયશ્રી લોઢ ારી, કુ.ખુશાલી રામોલીયા, અને કુ.નિધિ ભુતિયાએ જહેમત ઉઠાવેલી જેમાં સમગ્ર સ્ટાફનો સહકાર સાપડેલો. ઈનામ વિતરણ કાર્યક્રમનું સંચાલન પ્રા.રોહિણીબા જાડેજાએ કરેલું. જયારે સાંસ્કૃતિક કાર્યક્રમનું સંચાલન કુ. રાધા સોનેરી, મનીષા સાદીયા(બી.એ.સેમ–૬), અને કુ.આશા ઓડેદરા(બી.કોમ સેમ–૬) કરેલું. સમગ્ર કાર્યક્રમને આમંત્રીત મહેમાનો , અધ્યાપકગણ અને વિધાર્થીનીઓ એ મનભેર માણયો હતો.

# જિલ્લા કાનૂની શિબિર

રાજરત્ન શ્રેષ્ઠીશ્રી નાનજીભાઈ કાલિદાસ મહેતા, આર્યકન્યા વિદ્યાલય ટ્રસ્ટ સંચાલિત ગુરુકુળ મહિલા આટર્સ  એન્ડ કોમર્સ કોલેજ, પોરબંદરમાં એનએસએસ વિભાગ અંતર્ગત તારીખ : ૩૧-૦૧-૨૦૧૯ના રોજ એક દિવસીય ‘કાનૂની શિબિર’ યોજાઈ હતી.

વર્તમાન સમયમાં મધ્યમ અને ગરીબ વર્ગ જયારે અન્યાયનો ભોગ બને છે ત્યારે ન્યાય મેળવવાની પ્રક્રિયા દરમિયાન થનાર ખર્ચની કલ્પના વડે જ તે અડધી હિમ્મત હારી જાય છે. એમાંય જયારે દીકરીઓ અન્યાયનો ભોગ બને છે ત્યારે તેની મનોદશા લગભગ અસહ્ય અને અવર્ણનીય બને છે, તેવા સંજોગોમાં જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ જેવી સંસ્થાના કાર્યો આશીર્વાદ સમાન બને છે. આ સંસ્થાની કામગીરી અને મહિલાઓને ભારતના કાયદામાં મળેલા વિશેષાધિકાર અંગે જાગૃત કરવાના આશયથી ગુરુકુળ મહિલા આટ્ર્સ એન્ડ કોમર્સ કોલેજમાં એક દિવસીય ‘કાનૂની શિબિર’નું આયોજન કરવામાં આવેલું હતું. આ શિબિરમાં જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, પોરબંદરના સેક્રેટરી શ્રી પ્રજ્ઞેશભાઈ સૂચક, જાણીતા એડવોકેટ શ્રી દીપકભાઈ લાખાણી, જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળના ડેપ્યુટી રજીસ્ટ્રાર શ્રી મનીષભાઈ દત્તા, શ્રી નેહાબેન, શ્રી ગગનભાઈ ઉપસ્થિત રહ્યા હતાં.

એડવોકેટ શ્રી દીપકભાઈ લાખાણીએ વિદ્યાર્થીની બહેનો સાથે વાત કરતા કહેલું કે, કાયદો અને પરમ્પરા બન્ને ભિન્ન છે. ભૂતકાળમાં સ્ત્રીઓ સાથે થયેલા અત્યાચારોએ વખતોવખત સ્ત્રીઓના કાયદાઓમાં ધરખમ ફેરફારો આપ્યા છે, સ્ત્રીઓના કાર્યક્ષેત્રમાં તેઓને મળતા વિશેષાધિકાર, તેઓની ઓળખ ગુપ્ત રાખવી, જાતીય સતામણી, મેડીકલ તપાસ, પોલીસ ફરિયાદ, વગેરે  કાર્યવાહી દરમિયાનની તેની માનસિક દશા વધુ ન  બગડે તેવી સારવાર પદ્ધતિઓની ચર્ચા કરી દીકરીઓના મનમાં ઘર કરી જતા છૂપા  ભયને દૂર કેવી રીતે કરી શકાય તે સમજાવ્યું હતું. તેમણે વિશેષમાં બહેનોને જણાવેલું કે, નિર્ભય બનો, કાઈ છૂપાવશો નહી, મોબાઈલનો બિનજરૂરી ઉપયોગ ટાળો, ક્રિએટીવ રહો, કોલેજમાં યુનિફોર્મ જાત, પ્રાંત, ભાષા, વર્ગભેદને ઓગાળી નાખે છે માટે તે અવશ્ય ધારણ કરો. આરાધ્યદેવ અને કુટુંબની પરમ્પરાઓને જાળવો.  જીવનનો ધ્યેય નક્કી કરો. કોઈપણ વ્યક્તિને વિષે કે જ્ઞાતિ, જાતિ, પ્રાંત, વિસ્તાર વિષે કરવામાં આવેલી હળવી મજાક પણ ગુનાના દાયરામાં આવે છે માટે તેનાથી દૂર રહો,

આ ઉપરાંત તેમણે સહુને એક હ્રદયસભર વાત એ કહી હતી કે, કાયદાએ આપણને અનેક અધિકાર આપેલા છે, તે આપણે લેવા કે ન લેવા તે આપણી અંગત બાબત છે, હક બધા જ છે પણ તેને કેટલી સહજતાથી ફેરવવા ત્યાં સમજણ છે.

આ શિબિરમાં જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, પોરબંદરના સેક્રેટરી શ્રી પ્રજ્ઞેશભાઈ સૂચકે પોતાની વાત રજૂ  કરતા કહેલું કે, જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, કોઈપણ નિ:સહાય વ્યક્તિના અધિકારો માટે ૧૦૦,૦૦૦ સુધીની મફત કાનૂની સહાય આપતી સંસ્થા છે જેનો હેતુ સમાજના તમામ વર્ગોને ન્યાય

મળી રહે અને સમાજનો કોઈપણ વર્ગ ન્યાયથી વંચિત ન રહે તેવો છે માટે તમારી પરિચિત હોય તેવી દરેક વ્યક્તિને આ સંસ્થાનો  પરિચય કરાવજો.

આ એક દિવસીય કાનૂની શિબિરનું આયોજન કોલેજના આચાર્ય શ્રી ડો.અનુપમભાઈ નાગરના માર્ગદર્શન હેઠળ એનએસએસ વિભાગના ઉપક્રમે પ્રો.ડો.શર્મિષ્ઠાબેન પટેલે કર્યું હતું,

## રોટરી કલબ ઓફ પોરબંદર દ્વારા ગુરૂકુલ મહિલા કોલેજમાં કેન્સર અવેરનેસ વ્યાખ્યાન યોજાયુ

રોટરી કલબ ઓફ પોરબંદર ધ્વારા સામાજીક જાગરણ અને સ્વસ્થ તથા તંદુરસ્ત સમાજના મીશનના ભાગ રૂપે ગુરૂકુલ મહિલા કોલેજના એન.એસ.એસ વિભાગ અને સામુદાઈક સેવા ધારાના ઉપક્રમે કેન્સર અવેરનેસ વ્યાખ્યાનનું આયોજન હાથ ધરવામાં આવેલું. આ તબ્બકકે પોરબંદરના જાણીતા ડેન્ટીસ્ટ ડો.પરાગ મજીઠીયાએ વિધાર્થીનીઓને સંબોધન કરેલું.

આજના સમયમાં કેન્સરની બીમારી ઝડપી ફેલાઈ રહી છે. અને દિવસે અને દિવસે વ્યસનોને કારણે તથા અપુરતી માહિતીને કારણે દર્દીઓની સંખ્યામાં વધારો થઈ રહયો છે. ત્યારે કેન્સર જેવા રોગને મહાત કેમ કરી શકાય તથા પ્રારંભીક તબ્બકકામાં જ કેન્સર નામશેષ થઈ શકે છે તે અંગે વિગતવાર માહિતી ડો.પરાગ મજીઠીયાએ વિધાર્થીનીઓને આપી હતી. તેઓશ્રીએ આશાવાદ પણ સેવેલો કે પ્રત્યેક દિકરી પોતાના પરિવારને કેન્સર વિશે સચોટ માહિતી પુરી પાડી અને સામાજીક ક્રાંતિની શરૂઆત કરશે. આ સાથે તેઓએ પોરબંદર શહેરમાં વિનામૂલ્યે થનારા કેન્સર નિદાન કેમ્પની માહિતી આપેલી.

સમગ્ર કાર્યક્રમનું સંકલન રોટરી મેમ્બર શ્રી પ્રિતેશ લાખાણીએ કરેલું. આ કાર્યક્રમમાં રોટરી સેક્રેટરી શ્રી જીતેન ગાંધી તથા રોટરી મેમ્બર્સ શ્રી જીજ્ઞેશ લાખાણી, શ્રી કલ્પેશ અમલાણી ઉપસ્થિત રહેલા સંસ્થાના પ્રિન્સિપાલ ડો.અનુપમ નાગર સાહેબે રોટરી કલબના સ્વસ્થ સમાજના સામાજીક કાર્યને બીરદાવેલું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન તથા આભાર દર્શન એન.એસ.એસ.પ્રોગ્રામ ઓફિસર ડો.નયન ટાંક ધ્વારા કરાયેલું.

ગુરુકુળ મહિલા કોલેજનું ગૌરવ

રાજરત્ન શ્રેષ્ઠીશ્રી નાનજીભાઈ કાલિદાસ મહેતા આર્યકન્યા વિદ્યાલય ટ્રસ્ટ સંચાલિત ગુરુકુળ મહિલા આટર્સ એન્ડ કોમર્સ કોલેજ, પોરબંદરમાં જ્ઞાનધારા તથા જુનિયર ચેમ્બર ઈન્ટરનેશનલના સંયુક્ત ઉપક્રમે જિલ્લા કક્ષાની 'વકતૃત્વ સ્પર્ધા' યોજાયેલ જેમાં ગુરુકુળ મહિલા આટ્ર્સ એન્ડ કોમર્સ કોલેજ વિજેતા ઘોષિત થયેલ.

રાજરત્ન શ્રેષ્ઠીશ્રી નાનજીભાઈ કાલિદાસ મહેતા આર્યકન્યા વિદ્યાલય ટ્રસ્ટ સંચાલિત ગુરુકુળ મહિલા આટર્સ એન્ડ કોમર્સ કોલેજ, પોરબંદરમાં જ્ઞાનધારા તથા જુનિયર ચેમ્બર ઈન્ટરનેશનલના સંયુક્ત ઉપક્રમે જિલ્લા કક્ષાની 'વકતૃત્વ સ્પર્ધા' યોજાઈ હતી. આ સ્પર્ધામાં પોરબંદર જીલ્લાની કુલ ૬ કોલેજની કુલ ૧૬ બહેનોએ ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં ડો.જતીનભાઈ સોનેજી તથા ડો.યેશાબેન શાહે નિર્ણાયક સ્થાને રહેલા જેમાં કોલેજની સેમેસ્ટર ૪ની વિદ્યાર્થીની કુ.અદિતિ દિલીપભાઈ દવેએ પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું હતું. તો આ જ સ્પર્ધામાં કુ.અદિતિ દિલીપભાઈ દવેની સાથે કોલેજની સેમેસ્ટર ૨ની વિદ્યાર્થીની કુ.સપના દિલીપભાઈ દવે અને કુ.વનિતા મોહનભાઈ ડાભીના સ્પર્ધક તરીકેના ઉત્કૃષ્ટ સામૂહિક પ્રદર્શનને કારણે ગુરુકુળ મહિલા આટ્ર્સ એન્ડ કોમર્સ કોલેજને વિજેતા ઘોષિત કરવામાં આવી હતી. આમ વ્યક્તિગત અને સામૂહિક પ્રદર્શન એમ બન્ને રીતે ગુરુકુળ મહિલા આટર્સ એન્ડ કોમર્સ કોલેજનો દબદબો જળવાઈ રહેતા કોલેજના સમગ્ર સ્ટાફ પરિવારે વિદ્યાર્થીનીઓની મહેનતને બિરદાવતા અભિનંદન આપ્યા હતા.

આ સ્પર્ધાનું આયોજન કોલેજના આચાર્યશ્રી ડો.અનુપમભાઈ નાગરના માર્ગદર્શન હેઠળ અને જુનિયર ચેમ્બર ઈન્ટરનેશનલના પ્રમુખ નિલેશભાઈ જોગીયા તથા JCII સલાહકાર રાજેશભાઈ કોટેચા તથા JCIIના સમગ્ર મેમ્બરના સહકારથી જ્ઞાનધારાના અધ્યક્ષ પ્રો.ડો.શર્મિષ્ઠા પટેલે કર્યું હતું તો કાર્યક્રમનું સંચાલન કોલેજની સેમેસ્ટર ૬ની વિદ્યાર્થીની કુ.ભાવીશા દેવરાજભાઈ વાજાએ કર્યું હતું.

**એક્સ્ટેન્શન એકટીવીટી હેઠળ ગુરૂકુલ મહિલા કોલેજમાં અમરેલી કોલેજની વિધાર્થીનીઓએ મુલાકાત લીધી**

આજની ૨૧ મી સદીની શૈક્ષણિક જરૂરીયાત મુજબ આંતર સંસ્થાકીય આદાન–પ્રદાન ખુબ જ જરૂરી છે, જેમાં ગુરૂકુલ મહિલા કોલેજે યુથ રેડક્રોસ સોસાયટી, રામકૃષ્ણ મિશન, આઈ.ટી.આઈ, ગાંધી વિચાર મનન સાહિત્ય પ્રવૃતિ તથા પ્રકૃતિ ધ યુથ સોસાયટી સહિત ૫–૫ સંસ્થાઓ સાથે એમ.ઓ.યુ. કર્યુ છે, એ જ શ્રૃંખલામાં તાજેતરમાં અમરેલી કોલેજના પ્રાધ્યાપકો તેમજ ૫૯ જેટલા સ્નાતક અને અનુસ્નાતક વિધાર્થીનીઓએ ગુરૂકુલ મહિલા કોલેજની અંગ્રેજી વિભાગની મુલાકાત લીધી હતી.

કાર્યક્રમના પ્રારંભે કોલેજની બી.એ. સેમેસ્ટર–૬ ની વિધાર્થીની કુ.શિવાની કણજારીયાએ સૌનું અભિવાદન કરેલું. ત્યારબાદ સેમ–૬ ની વિધાર્થીનીઓએ પ્રાર્થના 'અવર ફાધર ધાવ આર્ટ ઈન હેવન' ગાયેલી. ત્યારપછી વિભાગાધ્યક્ષા ડો.કેતકીબેન પંડયાએ મનનીય સ્વાગત પ્રવચન દ્વારા અતિથિ વિશેષ ડો.ગૌરીબેન ભીમાણી, પ્રો.પ્રવિણભાઈ માધમ અને પ્રો.અમીબેન સોજીત્રા તેમજ વિધાર્થીનીઓનું શબ્દોથી સ્વાગત કર્યુ હતુ. તેમજ પ્રિન્સિપાલશ્રી ડો.અનુપમભાઈ નાગર, ડો.હરિનબેન મજીઠીયા, ડો.કેતકીબેન પંડયા અને ડો.નયનભાઈ ટાંકે મહેમાનોનું સુતમાળાથી સ્વાગત કર્યુ હતુ. ત્યારબાદ ગુરૂકુલ મહિલા કોલેજની અંગ્રેજી વિભાગની વિધાર્થીનીઓએ થોટ ઓફ ધ ડે–શ્રેયા વાઢેલ, વર્ડ ઓફ ધ ડે–જાનવી બાવળીયા, પોઈટ્રી રેસીટ્રેશન–રોશની પરમાર, ડ્રામા ઓફ ધ ડે–સીમા સુમાનીયા, નોવેલ ઓફ ધ ડે–પારૂલ શુકલા, ક્રીટીક ઓફ ધ ડે–દિપ્તિ ખરા, ઈઝમ ઓફ ધ ડે–તરૂણા સાદીયા તેમજ સોંગ ઓફ ધ ડે–સોનલ ડોડીયા અને દ્રષ્ટ્રી સોનેગ્રાએ રજુ કરેલ. ત્યારબાદ અમરેલી કોલેજના પ્રો.ગૌરીબેન ભીમાણીએ ગુરૂકુલ કોલેજના વાતાવરણની પ્રશંશા કરી, વિભાગ ધ્વારા થયેલું ઉષ્માભર્યુ સ્વાગત અને એકેડેમીક પ્રોગ્રામના સુંદર આયોજન બદલ પ્રિન્સિપાલ તેમજ વિભાગના અધ્યાપકોનો આભાર માન્યો હતો. ડો.હરિનબેન મજીઠીયાએ પ્રાસંગિક પ્રવચનમાં વિધાર્થીનીઓને અંગ્રેજીમાં બોલવાનો મહાવરો રાખવાની શીખ આપી હતી. અને અમરેલી કોલેજના પ્રાધ્યાપકો તેમજ વિધાર્થીનીઓ માટે પ્રશંશા કરેલી, જેઓ ખુબ દુરથી ગુરૂકુલ કોલેજની શૈક્ષણિક મુલાકાતે આવ્યા.

આ અવસરે કોલેજના પ્રિન્સિપાલશ્રી ડો.અનુપમભાઈ આર નાગરે બેન્જામીન ફ્રેન્કલીનના ૧૩ જેટલા સદગુણો જેવા કે ટેમ્પરેન્સ, ઓર્ડર, સાયલન્સ, ટ્રાન્કવીલીટી, કલીન્લીનેસ, ચેસ્ટીટી, હ્યુમીલીટી, ઈન્ડીવીડયુઆલીટી, ફ્રુગાલીટી, જસ્ટીસ, મોડરેશન અને રીઝોલ્યુશનની ઝીણવટ પૂર્વક છણાવટ કરી વિધાર્થીનીઓને પ્રેરણાત્મક ઉદબોધન આપેલું.

કાર્યક્રમના અંતિમ ચરણમાં અમરેલી કોલેજની વિધાર્થીનીઓએ ખુબ જ સારો પ્રતિસાદ આપી ગુરૂકુલ જેવી સંસ્થાની મુલાકાત માટે ધન્યતાની લાગણી અનુભવેલી. ત્યારબાદ અંગ્રેજી વિભાગના પ્રા.ડો.નયનભાઈ ટાંકે પોતાની આગવી શૈલીમાં આભારની લાગણી વ્યકત કરેલી. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે પ્રિન્સિપાલ શ્રી ડો.નાગર સાહેબના માર્ગદર્શન હેઠળ અંગ્રેજી વિભાગના પ્રા.ડો.કેતકીબેન પંડયા તથા ડો.નયનભાઈ ટાંક તેમજ કુ.નિધિ ભુતિયા, કુ.ભુમિકા શીયાળ, કુ.પ્રિયા જોશી, કુ.જાનવી બાવળીયા સહિતની વિધાર્થીનીઓએ જહેમત ઉઠાવેલી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન કુ.શિવાની કણઝારીયાએ અંગ્રેજી ભાષામાં કરેલું.